
# પ્રત્યારોપણ સમાચાર

**વોલ્યુમ : ૧ અંક: ૨**
**એપ્રિલ-જૂન ૨૦૨૪**





**ગુજરાત યુનિવર્સિટી ઓફ ટ્રાન્સપ્લાન્ટેશન સાયન્સિઝ**
(ગુજરાત અધિનિયમ ક્રમાંક: ૦૯/૨૦૧૫ દ્વારા સ્થાપિત)

**શ્રીમતી ગુલાબબેન રસિકલાલ દોશી**
**અને**
**શ્રીમતી કમળાબેન મફતલાલ મહેતા ઈન્સ્ટીટ્યુટ ઓફ કિડની ડિસીસીઝ એન્ડ રીસર્ચ સેન્ટર**

**ડૉ. એચ. એલ. ત્રિવેદી ઈન્સ્ટીટ્યુટ ઓફ ટ્રાન્સપ્લાન્ટેશન સાયન્સિઝ**

## સ્ટેટ ઓર્ગન એન્ડ ટિસ્યુ ટ્રાન્સપ્લાન્ટ ઓર્ગેનાઈઝેશન (SOTTO-ગુજરાત)



### મુખ્ય સમાચાર

- ડો પ્રાંજલ આર મોદી ને ધ ટ્રાન્સપ્લાન્ટેશન સોસાયટી દ્વારા રેકોગનાઇજેશન એવોર્ડ ની ઘોષણા.
- TTS-ISOT દ્વારા ડો ખુશ્બૂ અને ડો પ્રાંજલ આર મોદી ને મેન્ટી-મેન્ટર એવોર્ડ ની ઘોષણા.
- 96.9 FM દ્વારા આકાશવાણી પર બ્રેઈનડેડ, અવ-યવદાન અને કિડની પ્રત્યારોપણ વિશેની માહિતી.
- IKDRC કેમ્પસ ૧માં ૧૨ બેડ નું ડાયાલિસિસ વિભાગ નું ઉદ્ઘાટન.
- વિશ્વ રક્તદાતા દિવસની ઉજવણી.
- આંતરરાષ્ટ્રીય યોગ દિવસની ઉજવણી.

### સંપાદકીય સમિતિ

ડૉ. પ્રાંજલ આર મોદી
ડૉ. મનીષા પી. મોદી
ડૉ. હિમાંશુ વી. પટેલ
શ્રીમતી પ્રિયદર્શિની શાહ
સુશ્રી જ્યોત્સના બી. સુથાર
શ્રી ધર્મેશ સોનગરા

અંગદાનનો સંકલ્પ-નવજીવનની ભેટ
QR કોડને સ્કેન કરો અને ડોનર કાર્ડ ભરીને અંગદાનના કાર્યનો સંકલ્પ કરો.

## ડો પ્રાંજલ આર મોદી ને "ધ ટ્રાન્સપ્લાન્ટેશન સોસાયટી" દ્વારા રેકોગનાઇજેશન એવોર્ડ ની ઘોષણા

The Transplantation Society દ્વારા ઈન્ડિયા માંથી ડો પ્રાંજલ આર મોદીનું નામ Recognition Award માટે નામ જાહેર થયેલ છે. આ રેકોગનાઇજેશન એવોર્ડ તેમના ઓર્ગન ટ્રાન્સપ્લાનટેશન ક્ષેત્રે અગ્રેસર કાર્ય કરવા બદલ એનાયત કરવામાં આવશે.
આ એવોર્ડ તેમને TTS – 2024 કોન્ફરન્સ સપ્ટેમ્બર મહિનામાં તુર્કી ઇસ્તંબુલ ખાતે આપવામાં આવશે.





રેકોગનાઇજેશન એવોર્ડ વર્ષ 2024 ના વિજેતાઓ

## TTS - ISOT દ્વારા ડો ખુશ્બૂ અને ડો પ્રાંજલ આર મોદી ને મેન્ટી-મેન્ટર એવોર્ડ ની ઘોષણા

ડો. પ્રાંજલ મોદીના માર્ગદર્શક હેઠળ ડો ખુશ્બુ એ પ્રત્યારોપણના ક્ષેત્રમાં રિસર્ચ પેપર તૈયાર કર્યું છે. તેથી ડો પ્રાંજલ આર મોદી ને મેન્ટર એવોર્ડ અને ડો ખુશ્બૂ ને મેન્ટી એવોર્ડ એનાયત કરવામાં આવશે. આ એવોર્ડ ધ ટ્રાન્સપ્લાન્ટેશન સોસાયટી ની ઇન્ટરનેશનલ કોન્ફ્રન્સમાં સપ્ટેમ્બર, ૨૦૨૪ માં તુર્કી ખાતે આપવામાં આવશે.
TTS - ISOT દ્વારા પ્રત્યારોપણના ક્ષેત્રમાં મૂળભૂત અને ક્લિનિકલ વિજ્ઞાનના યોગદાનની ઉજવણી કરે છે આ પુરસ્કાર એવા વૈજ્ઞાનિકોના પ્રયત્નોને માન્યતા આપે છે કે જેમણે ટ્રાન્સપ્લાન્ટેશન વિજ્ઞાન, ઇમ્યુનોબાયોલોજી અથવા ટ્રાન્સપ્લાન્ટ પ્રાપ્તકર્તાઓની સારવાર અંગેની સમજને આગળ વધારી છે.

## 96.9 FM આકાશવાણી પર બ્રેઈનડેડ, અવયવદાન અને કિડની પ્રત્યારોપણ વિશેની માહિતી

96.9 FM આકાશવાણી, અમદાવાદ અને વડોદરા પર થી તારીખ ૨૭મી મે, ૨૦૨૪, સોમવારે સવારે ૧૧.૩૦ રોજ "આજ ના અતિથિ" કાર્યક્રમ માં શ્રી મૌલિન મુન્શી સાથે ડૉક્ટર પ્રાંજલ મોદી એ બ્રેઈનડેડ, અવયવ દાન અને કિડની પ્રત્યારોપણ પર થયેલી મુલાકાત દરમિયાન થયેલી વાતચીત નીચે મુજબ છે.
સમાજમાં અંગદાન વિશેની જાગૃતિ વ્યાપક પ્રમાણમાં વધે તે હેતુથી ભારત સરકારના નેશનલ ઓર્ગન અને ટીસ્યુ ટ્રાન્સપ્લાન્ટ ઓર્ગેનાઈઝેશન (NOTTO)ની 2010 માં સ્થાપના થઇ. દર વર્ષે આશરે 5 લાખ લોકો હૃદય, કિડની, ફેફસા, લીવર તથા અન્ય જીવનલક્ષી અંગોનાં ફેઈલ્યોર થી પીડાય છે. આપણા દેશમાં લગભગ 1 લાખથી વધુ કિડની પ્રત્યારોપણ તથા 25000 થી વધુ લીવર પ્રત્યારોપણ ની જરૂર છે અને તેની સામે ફક્ત 7500 કિડની અને 1500 લીવર પ્રત્યારોપણ થાય છે. મોટાભાગના (80%) કિડની અને લીવર પ્રત્યારોપણ એ પરિવારના કોઈ સભ્ય અંગદાન કરે ત્યારે થાય છે અને ફક્ત 20% પ્રત્યારોપણો બ્રેઈનડેડ વ્યક્તિનાં અંગદાનથી થાય છે. ભારતમાં દર વર્ષે આશરે 1.5 લાખ વ્યક્તિઓને માથાની ગંભીર ઈજા તેમજ રોડ ટ્રાફિક અકસ્માતના કારણે અથવા બ્રેઈન હેમરેજ ના કારણે થાય છે. જેમાંથી 65% લોકો બ્રેઈનડેડને કારણે મૃત્યુ પામે છે. જો બ્રેઈનડેડ વ્યક્તિનાં નજીકનાં સગા અંગદાન કરવાનો નિર્ણય કરે તો ઘણાં બધાં દર્દીઓને આ અંગોના પ્રત્યારોપણ થી નવું જીવન મળી શકે તેમ છે. એક બ્રેઈનડેડ વ્યક્તિમાંથી બે કિડની, લીવર, બે ફેફસાં, હૃદય, પેનક્રિયાઝ, આંખો, મળી શકે તેમ હોય છે. સને 1997માં ગુજરાત સરકારે હ્યુમન ઓર્ગન ટ્રાન્સપ્લાન્ટ એક્ટ પસાર કર્યો ત્યારથી અત્યાર સુધીમાં 1384 કિડની અને 566 લીવર ટ્રાન્સપ્લાન્ટ કેડેવર ડોનર માંથી આ સંસ્થામાં થઈ ચૂક્યા છે. જે ભારતની સૌથી વધુ ટ્રાન્સપ્લાન્ટ કરનાર પબ્લિક સેક્ટર સંસ્થા છે. આ 96.9 FM આકાશવાણી પરના કાર્યક્રમમાં ડો. પ્રાંજલ મોદીએ અંગદાનની પ્રક્રિયા અને અંગોનું પ્રત્યારોપણ કેવી રીતે કરવામાં આવે છે તેની સમજ આપી.
આ અંગેની લિંક IKDRC વેબસાઈટ પર થી સાંભળી શકાશે. (www.ikdrc-its.org)




96.9 FM આકાશવાણીમાં અતિથિ કાર્યક્રમ માં
શ્રી મૌલિન મુન્શી સાથે ડૉક્ટર પ્રાંજલ મોદી

## IKDRC કેમ્પસ ૧માં ૧૨ બેડ નું ડાયાલિસિસ વિભાગ નું ઉદ્‌ઘાટન

અત્યારના સમયમાં ખુબ પ્રમાણ માં લોકોને કિડની રોગ થાય છે આ કિડની રોગ થી બચવા માટે શરૂઆત માં એક અઠવાડિયામાં બે કે ત્રણ વાર ડાયાલિસિસ કરાવવું પડે છે અને ઘણા એવા દર્દીઓ ને ઇમર્જન્સી માં ડાયાલિસિસ કરાવવું પડે છે તેથી આઈ.કે. ડી. આર. સી. ના કેમ્પસ ૧માં ૧૨ ડાયાલિસિસ મશીનો સાથે ૧૨ બેડનું ડાયાલિસિસ વિભાગ ની સુવિધા શરૂ કરવામાં આવી છે અને ડાયાલિસિસ કરાવવા આવતા દર્દીઓ ને રાહ ના જોવી પડે અને ઝડપ થી ડાયાલિસિસ કરાવી શકે તે હેતુ થી આ નવું યુનિટ શરૂ કર્યું કારણ કે દર્દીઓનો સમય બચી જાય અને તે માટે ૧૨ ડાયાલિસિસ યુનિટ ની સુવિધા શરૂ કરવામાં આવી છે. આ ડાયાલિસિસ વિભાગ તારીખ ૧૦ મી જૂન ના રોજ કિડની ઇન્સ્ટિટ્યૂટ ના નિયામકશ્રી ડો પ્રાંજલ મોદી ના હસ્તે ઉદ્ઘાટન કરવામાં આવ્યુ. કેમ્પસ-૨ (નવી બિલ્ડીંગ) માં કુલ ૮૪ ડાયાલિસિસ મશીન છે અને કેમ્પસ-૧ માં કુલ ૩૪ ડાયાલિસિસ મશીન છે.





૧૨ બેડનું ડાયાલિસિસ વોર્ડ નું ઉદ્‌ઘાટન તથા
IKDRC ઇન્સ્ટિટ્યૂટના કર્મચારીગણ

## વિશ્વ રક્તદાતા દિવસ

વિશ્વ રક્તદાતા દિવસ દર વર્ષે 14 જૂને યોજવામાં આવે છે. આ કાર્યક્રમનું આયોજન 2004માં પ્રથમ વખત ચાર મુખ્ય આંતરરાષ્ટ્રીય સંસ્થાઓ દ્વારા કરવામાં આવ્યું હતું, વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઈઝેશન, ઈન્ટરનેશનલ ફેડરેશન ઓફ રેડ ક્રોસ અને રેડ ક્રેસન્ટ સોસાયટીઝ, ઈન્ટરનેશનલ ફેડરેશન ઓફ બ્લડ ડોનર ઓર્ગેનાઈઝેશન્સ અને ઈન્ટરનેશનલ સોસાયટી ઓફ બ્લડ ટ્રાન્સફ્યુઝન.

રક્તદાન એ ઉમદા કાર્ય છે અને વિશ્વભરના લાખો જરૂરિયાતમંદ દર્દીઓ દર મહિને આવા દાનથી લાભ મેળવે છે, રક્તની ખોટ, એનિમિયા, કિડની, લીવર અને કેન્સર જેવી વિવિધ તબીબી પરિસ્થિતિઓની સારવાર મેળવે છે.

IKDRCના બ્લડ બેંક વિભાગ દ્વારા વિશ્વ રક્તદાતા દિવસની ઉજવણી પ્રસંગે સંસ્થાના નિયામક શ્રી ડો પ્રાંજલ મોદી દ્વારા દીપ પ્રાગટ્ય અને આ ઉજવણી પ્રસંગે હાજર રહેલા પેથોલોજી વિભાગના વડા ડો કમલ કનોડિયા, ડો અમિત પ્રજાપતિ તથા ઇન્સ્ટિટ્યૂટના સર્વે કર્મચારીગણ હાજર રહેલા અને આ વિશ્વ રક્તદાતા દિવસ પ્રસંગે સંસ્થાના સભ્યોએ કુલ મળી ને 78 રક્તદાતાઓએ રકતદાન કર્યું. આ પ્રસંગે ડો પ્રાંજલ મોદી એ તમામ રક્તદાતા મિત્રોનો હૃદયપૂર્વક આભાર માન્યો.

સિવિલ હોસ્પિટલના બ્લડ બેંક વિભાગ દ્વારા વિશ્વ રક્તદાતા દિવસની ઉજવણી પ્રસંગે શ્રી ધનંજય દ્વિવેદી, આઇ.એ.એસ, પ્રિન્સિપાલ સેક્રેટરી (મેડિકલ સર્વિસીસ અને મેડિકલ એજ્યુકેશન) સાહેબ એ રકતદાન કર્યું અને સિવિલ હોસ્પિટલની બ્લડ ડોનેશન વેન સાથે સિવિલ મેડિસિટીમાં આવેલી તમામ સંસ્થાના વડાઓ સાથે ગ્રુપ ફોટો લીધો હતો. IKDRCના ખાતે નિયામકશ્રી ડો પ્રાંજલ મોદી, મેટ્રન શ્રીમતી હીનાબેન ઠાકર તથા અને અન્ય કર્મચારીગણ દ્વારા રક્તદાન કર્યું.



**ડો પ્રાંજલ મોદી દ્વારા દીપ પ્રાગટ્ય, સન્માનપત્ર સાથે રક્તદાતાશ્રી અને શ્રી ધનંજય દ્વિવેદી, પ્રિન્સિપાલ સેક્રેટરી સાથે મેડિસિટીમાં આવેલી તમામ સંસ્થાના વડાશ્રી**

## આંતરરાષ્ટ્રીય યોગ દિવસની ઉજવણી

આંતરરાષ્ટ્રીય યોગ દિવસ એ ૨૦૧૫થી દર વર્ષે ૨૧ જૂનના રોજ સમગ્ર વિશ્વમાં ઉજવવામાં આવે છે. વર્ષ ૨૦૧૪માં સંયુક્ત રાષ્ટ્ર મહાસભામાં યોગ દિવસની વિધિવત જાહેરાત થયા પછી વર્ષ ૨૦૧૫થી આ દિવસની ઉજવણી શરૂ કરવામાં આવી હતી. યોગ એક શારીરિક, માનસિક અને આધ્યાત્મિક અભ્યાસ છે, જેની શરૂઆત પ્રાચીન ભારતમાં થઈ હતી. ભારતના વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ ૨૦૧૪માં સંયુક્ત રાષ્ટ્રના સંબોધનમાં ૨૧ જૂનની તારીખ સૂચવી હતી, કારણ કે તે ઉત્તર ગોળાર્ધમાં વર્ષનો સૌથી લાંબો દિવસ છે અને વિશ્વના ઘણા ભાગોમાં તેનું વિશેષ મહત્વ છે.

IKDRC કેમ્પસ ૧માં ફિઝિયોથેરાપી વિભાગ માંથી ડો ફાગુન જૈન અને યોગ ગુરુ હિમાંશીબેન દ્વારા આંતરરાષ્ટ્રીય યોગ દિવસ ઉજવણી પ્રસંગે સંસ્થાના નિયામક શ્રી ડો પ્રાંજલ મોદી અને સર્વે ડૉક્ટરગણ સાથે કર્મચારીગણ સાથે મળી ને યોગા કર્યા. આ યોગા માં ભાગ લેનાર લગભગ ૧૦૦ લોકો હતા. સવારે ૭ થી ૮ યોગા માટે ટાઈમ રાખેલ હતો અને ત્યારબાદ બધા માટે અલ્પાઆહાર રાખેલ હતો.



**સંસ્થાના કર્મચારીગણ સાથે યોગ દિવસની ઉજવણી**

## નવા પીસીઆર સિસ્ટમ Cobas 5800 સિસ્ટમની ખરીદી

ટ્રાન્સપ્લાન્ટ ઇમ્યુનોલોજી વિભાગ દ્વારા એડવાન્સ ટેકનોલોજી આધારિત સ્વયમ સંચાલિત રિયલ ટાઇમ પીસીઆર સિસ્ટમ Cobas 5800 Roche ડાયગ્નોસ્ટિક USA માંથી ખરીદી છે.

Cobas 5800 ની મદદ થી આખી ક્ષમતા ૮ કલાક માં ૧૪૪ ટેસ્ટ કરી શકાય છે તેમજ હિપેટાટીસ બી સિવાય દરેક વાયરસ નું મલ્ટીપેસિંગ થઇ શકે છે જેમકે HCV, CMV, EBV, BKV એક સાથે થઇ શકે છે તેમજ તાત્કાલિક વચ્ચે થી ટેસ્ટ નું પરિણામ જોઈતું હોય તો તે પ્રાયોરિટી બેઝ એ કરી શકાય.

આ નવી સિસ્ટમ સાથે ટ્રાન્સપ્લાન્ટ ઇમ્યુનોલોજી વિભાગની ક્ષમતા અનેકગણી મજબૂત થઇ છે.



**The Cobas 5800 System**

## IKDRC-ITS ના દરેક સ્ટાફ ને ફાયર સેફ્ટી ની ટ્રેનિંગ

ફાયર સેફ્ટી ને ધ્યાનમાં લઈને, IKDRC-ITS ના દરેક સ્ટાફ ફાયર સેફ્ટી ને લગતી ટ્રેનિંગ છેલ્લા 2 અઠવાડિયા થી લઈ રહ્યા છે જેમાં તમામ વર્ગના અને ૫૦ થી વધારે કર્મચારીઓ ટ્રેનિંગ માટે હાજરી આપે છે તદુપરાંત ગુજરાત સરકાર ની ફાયર સેફ્ટીની ગાઈડ લાઈન મુજબ દરેક મહિનાની 6 તારીખે ફાયર મોકડ્રીલ કરવામાં આવે છે. જેમાં ફાયર સેફ્ટી માટે ની નિમણુક ટીમ RMO ના નેતૃત્વ હેઠળ મોક ડ્રીલ કરે છે.



**ફાયર સેફ્ટી ની ટ્રેનિંગ**

## ઘણા વર્ષો પછી બનારસ હિન્દુ યુનિવર્સિટી-વારાણસીમાં કિડની પ્રત્યારોપણ

બનારસ હિન્દુ યુનિવર્સિટી, વારાણસીમાં સર સુંદરલાલ હોસ્પિટલમાં નેફ્રોલોજી વિભાગ માં દર વર્ષે બહોળી સંખ્યામાં કિડની દર્દીઓ આવતા અને આ કિડની દર્દીઓને કિડની પ્રત્યારોપણની જરૂરિયાત હતી તેથી દર્દીઓની પરેશાની જોઈને BHU ના નિયામક ડો. એસ એન શંખવારે કિડની પ્રત્યારોપણ શરૂ કરવાનો નિર્ણય લીધો.

\

બી એચ યુ - સર સુંદરલાલ હોસ્પિટલમાં અત્યારે હાલ કામ કરતા સર્જન ડોક્ટર ઉજ્જવલ કુમાર જેઓએ  વર્ષ ૨૦૧૮ થી ૨૦૨૦માં યુરોલોજી વિભાગ માં કિડની ઈન્સ્ટીટ્યૂટ માં આસિસ્ટન્ટ પ્રોફેસર તરીકે તેમજ ડો પ્રાંજલ મોદી ના માર્ગદર્શન હેઠળ કિડની પ્રત્યારોપણની તાલીમ લીધેલ હતી. તેથી ડો ઉજ્જવલકુમાર એ કિડની ટ્રાન્સપ્લાન્ટ ઓપેરેશન માટે નું માર્ગદર્શન આપવા માટે ડો પ્રાંજલ મોદી ને આમંત્રણ અપાયું અને ડો પ્રાંજલ મોદી એ કિડની ટ્રાન્સપ્લાન્ટ ઓપેરેશનમાં માર્ગદર્શન માટે નો મહત્વનો ભાગ ભજવ્યો.

બી. એચ. યુ. ના નિયામક શ્રી ડો. એસ એન શંખવારના નેતુત્વ હેઠળ તારીખ ૧૭ મે, ૨૦૨૪ ના રોજ રોહનિયા ગામ ના યુવક નું કિડની પ્રત્યારોપણ સફળતાપૂર્વક થયું અને આ યુવકના પત્નીએ કિડની આપી અને ડોનર (દાતા) અને રેસિપીએન્ટ (દર્દી) આ બન્ને સ્વથ્ય છે અને તેમને હોસ્પિટલમાંથી રજા આપી દીધી છે.




आईएमएस बीएचयू में 14 साल के बाद हुआ किडनी ट्रांसप्लांट

पत्नी ने पति को किडनी दी, देश में ऑर्गन डोनेट करने वाली 80 प्रतिशत महिलाएं

बीएचयू में 11 साल में 80 ट्रांसप्लांट 1999 में पहला, 2010 से बंद था

**કિડની પ્રત્યારોપણની ટીમ સાથે ડો પ્રાંજલ આર મોદી અને ડો. એસ એન શંખવાર**

## G.M.E.R.S. મેડિકલ કોલેજ અને હોસ્પિટલ, જુનાગઢથી બ્રેઇનડેથ દાતા ના અંગોના દાનની પ્રથમવાર થયેલી પહેલ

તારીખ ૧૮-૦૨-૨૪ ના રોજ અંગદાનની જાગૃતીનો કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો અને તેમાં SOTTO કન્વીનર ડોકટર પ્રાંજલ મોદી એ વર્ચ્યુઅલ હાજર રહીને અંગદાન વિશે હાજર લોકોને સમજ પુરી પાડી હતી. અને યોગાનુયોગ હોસ્પિટલને અંગદાનની તક બહુ જલ્દી જ મળી.  સર્વપ્રથમ વાર G.M.E.R.S. મેડિકલ કોલેજ અને હોસ્પિટલ, જુનાગઢથી બ્રેઇનડેથ દાતા ના અંગોના દાનની પહેલ કરવામાં આવી.

૫૭ વર્ષીય મહિલા ને કે જેમનું બ્રેઇન એન્યુરીઝમનું ઓપરેશન પ્રાઇવેટ હોસ્પિટલમાં કરવામાં આવ્યુ હતુ તેમની તબિયત ગંભીર થતા તેમને G.M.E.R.S. મેડિકલ કોલેજ અને હોસ્પિટલ, જુનાગઢમાં દાખલ કરવામાં આવ્યા જ્યાં તેમને હોસ્પિટલની ટીમ દ્વારા બ્રેઇનડેથ જાહેર કરવામાં આવ્યા. હોસ્પિટલ સુપ્રિન્ટેન્ડન ડોકટર કૃતાર્થ બ્રહ્મભટ્ટ, એડીશનલ મેડિકલ સુપ્રિટેન્ડન્ટ અને સર્જરી વિભાગના વડા ડોકટર દિગંત સીકોતરાએ દાતાના પરિવારને અંગદાન માટે સમજાવ્યા. પરિવારની સંમતિ મળતા જ તારીખ ૦૩ મે ૨૦૨૪ ના રોજ સવારે SOTTO-ગુજરાતની કચેરીમાં અંગદાન અંગે જાણ કરી અને SOTTO-ગુજરાતે તરત જ અંગદાન માટે સંકલન હાથ ધર્યું. SOTTO-ગુજરાતના માર્ગદર્શન હેઠળ અંગદાનના આ કાર્યમાં હોસ્પિટલ સુપ્રિટેન્ડન્ટ ડોકટર કૃતાર્થ બ્રહ્મભટ્ટને હોસ્પિટલના સમગ્ર સ્ટાફનો સહયોગ મળ્યો. જેમકે  ડોકટર દિગંત સીકોતરા અને કાઉન્સેલર શ્રી સુમીતે પોતે SOTTO અને NOTTO ની વેબસાઇટમાં દાતાની નોંધણી કરી, એનેસ્થેસીયાના એસોસીયેટ પ્રોફેસર હેતલ કાનાબાર અને તેમની ટીમે આઇ.સી.યુ. માં દાતાના બ્લડપ્રેશરને જાળવવાથી લઇને દાતાને અંગદાન સુધી જાળવી રાખવાની જવાબદારી નીભાવી. તો બીજા સ્ટાફે ગ્રીન કોરીડોરની વ્યવસ્થા થી લઇને દાતાના નશ્વર દેહને સન્માનપુર્વક તેમના ઘર સુધી પહોંચાડવા માટેની જવાબદારી નીભાવી.  G.M.E.R.S. મેડિકલ કોલેજ અને હોસ્પિટલ, જુનાગઢ દ્વારા અંગદાન દ્વારા દર્દીઓને નવજીવન આપવાના કાર્યમાં હોસ્પિટલ ટીમે પહેલ કરીને પ્રંશસીય કાર્ય કર્યું છે.

## જાન્યુઆરી ૨૦૨૪ થી જુન ૨૦૨૪ સુધી ૨૩૭ કિડની પ્રત્યારોપણો પુરા કર્યા

:

જાન્યુઆરી ૨૦૨૪ થી ૩૦ જુન ૨૦૨૪ સુધી કુલ ૨૩૭ કિડની પ્રત્યારોપણો ખુબ ઝડપથી પુરા કરીને એક નવો જ રેકોર્ડ સ્થાપિત કરવા તરફ આપણે કદમ માંડ્યા છે. આટલા ટુંકા સમયમાં મોટી સંખ્યામાં પ્રત્યારોપણો કરવામાં હોસ્પિટલને સફળતા મળી છે તેનો જશ સમગ્ર હોસ્પિટલના કર્મચારીઓના ટીમ વર્કને જાય છે. કુલ ૨૩૭ પ્રત્યારોપણોમાંથી ૧૬૩  દર્દીઓના સગાંઓમાંથી કિડની પ્રાપ્ત થઇ છે જ્યારે ૭૪ દર્દીઓમાં બ્રેઇનડેથ દાતામાંથી કિડનીઓ પ્રાપ્ત થઇ છે. આધુનિક ટેકનોલોજીના ઉપયોગ કરીને કુલ ૧૮ દર્દીઓમાં રોબોટીક પ્રત્યારોપણો કરવામાં આવ્યાં છે તેના દ્વારા એકદમ ટુંકા ચીરા અને વધુ ચોકસાઇ સાથે આ ઓપરેશનો પુર્ણ કરવામાં આવ્યા છે.

## આઇ.કે.ડી.આર.સી.- આઇ.ટી.એસ દ્વારા વિવિધ ડે ની અનોખી રીતે કરવામાં આવેલી ઉજવણી

દર્દી નારાયણની સેવા એક હોસ્પિટલનો પરમ ધર્મ રહ્યો છે. અને તેને જ લક્ષમાં લઇને દર્દીઓના લાભાર્થે કાર્યો કરીને વિવિધ ડે ની ઉજવણી કરવામાં આવી.

### ૧૯ એપ્રિલ- લીવર પ્રત્યારોપણ દ્વારા વર્લ્ડ લીવર ડે ની ઉજવણી

યુરોપીયન એસોસિએશન ફોર ધ સ્ટડી ઓફ ધ લીવર (EASL) દ્વારા ૨૦૧૦ માં ૧૯ એપ્રિલે પ્રથમ વિશ્વ લીવર ડે ની શરુઆત લીવરના રોગને અટકાવવા અને લીવરના સ્વાસ્થ્યને જાળવવાની જાગૃતી લોકોમાં ફેલાય તે માટે કરવામાં આવી હતી અને ત્યારથી દર ૧૯ એપ્રિલે લીવર ડે ની ઉજવણી કરવામાં આવતી હોય છે. લીવર આપણા શરીરનું સહુથી મહત્વપુર્ણ અંગોમાંનું એક છે. આજે આલ્કોહોલના સેવન, મેદસ્વીતા, ડાયાબીટીસ, મેટાબોલીક સિન્ડ્રોમ, કમળા વગેરે જેવા રોગોના કારણે લીવર ખરાબ થવાનું પ્રમાણ વધતું જાય છે. જો આપણે જાગૃત રહીશુ તો લીવરને ખરાબ થતા આપણે અંહીયા જ અટકાવી શકીશું પણ જેમના લીવર ફેઇલ થાયછે ત્યારે માત્ર લીવર પ્રત્યારોપણ જ એક ઉપાય હોય છે અને જો તે ના થાય તો દર્દીનું મૃત્યુ નિશ્ચીત હોય છે. ઘરમાંથી કોઇ સ્વજન દ્વારા અથવા બ્રેઇન ડેથ દાતામાંથી લીવર પ્રાપ્ત થાય અને તેનુ પ્રત્યારોપણ કરવામાં આવે તો જ દર્દી સ્વસ્થ જીવન જીવી શકે છે. ૧૯ એપ્રિલ ૨૦૨૪ ના રોજ સિવિલ હોસ્પિટલ અમદાવાદ થી બ્રેઇનડેથ દાતામાંથી કિડની અને લીવરનુ દાન કરવામાં આવ્યુ. તેમાંથી પ્રાપ્ત લીવરથી લીવર ફેલ્યોરના દર્દીમાં તેનું પ્રત્યારોપણ કરીને વર્લ્ડ લીવર ડે ની ઉજવણી અનોખી રીતે કરવામાં આવી.

### ૬ જુન- વર્લ્ડ ટ્રાન્સપ્લાન્ટ ડે

વર્લ્ડ ટ્રાન્સપ્લાન્ટ ડે એ દર વર્ષે ૬ જુને ઉજવવામાં આવે છે. વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઇઝેશન અને નેશનલ ટ્રાન્સપ્લાન્ટ ઓર્ગેનાઇઝેશન દ્વારા પ્રમોટ કરવામાં આવે છે. આ દિવસ આપણને યાદ અપાવે છે કે દુનિયામાં એવા હજારો લોકો છે જેમનું અંગોના ફેલ્યોરથી જીવવું મુશ્કેલ હતુ પંરતુ  તેમનામાં અંગોના ટ્રાન્સપ્લાન્ટ કરવાથી આજે તેઓ સારી રીતે જીવી રહ્યા છે. આ દિવસે આઇ.કે.ડી.આર.સી.- આઇ.ટી.એસ દ્વારા બે કિડની ફેલ્યોરના દર્દીઓમાં કિડની પ્રત્યારોપણ કરીને તેમને નવજીવન આપીને  ઉજવણી કરી.

### ૧૬ જુન ફાધર્સ ડે

૧૬ જુને આપણે ફાધર્સ ડે તરીકે ઉજવણી કરીએ છીએ. આઇ.કે.ડી.આર.સી.- આઇ.ટી.એસ એ અંગોના પ્રત્યારોપણ કરતી સંસ્થા છે તેથી તે ફાધર્સ ડે ને તે પ્રત્યારોપણની દ્રષ્ટી એ જ ઉજવે તે સ્વાભાવીક છે.  છેલ્લા ૧૦ વર્ષમાં કુલ ૪૩૪ પિતાએ પોતાના બાળકોને કિડનીઓનું દાન કર્યું છે, તેમાંથી કુલ ૭૦ પિતાએ પોતાની દીકરીઓને કિડની આપી છે તેમજ ૩ પિતાતુલ્ય સસરાએ પોતાની પુત્રવધુને કિડની આપી છે. ૩૬૪ પિતાએ પોતાના દીકરાઓને કિડની આપી છે. તારીખ ૧૦ જુન ૨૦૨૪ થી ૧૬ જુન ૨૦૨૪ સુધીના અઠવાડીયામાં ત્રણ પિતાએ પોતાના બાળકોને કિડનીનું દાન કર્યું. તેમાંય એક હૃદયસ્પર્શી ઘટનાએ બધાનું ધ્યાન દોર્યું. એક પિતા જેમણે ફ્રુટની લારી ચલાવીને દીકરીને ભણાવી અને  ઉચ્ચ શિક્ષણ આપ્યું. પોતે કાળી મજુરી કરી અને બાળકોને હમેશા શીતળ છાયડો આપ્યો. જ્યારે તેમના વહાલના દરિયા સમાન દીકરીની બંને કિડનીઓ ખરાબ થઇ છે તેવુ

જાણ્યુ ત્યારે પિતાએ ક્ષણનો પણ વિલંબ કર્યા સિવાય દીકરીને પોતાની એક કિડની આપીને નવજીવન આપ્યું. ફાધર્સ ડે ના દિવસે આવા દરેક પિતા જેમણે પોતાના સંતાનોને અંગદાન કરીને નવજીવન આપ્યુ છે તેમને હોસ્પિટલના દરેક કર્મચારીઓ તરફથી પ્રણામ છે.

## બ્રેઇન ડેથ દાતાની માહિતી

1. કપડવંજ નો ૧૯ વર્ષીય યુવક પાંચ માં ધોરણમાં ભણતો હતો અને પિતાની છત્રછાયા ગુમાવી બેઠો, બાળપણ માણવાના સમયે જ ઘરના મોટા પુત્ર તરીકે નાની ઉમરમાં જ પુખ્ત થઇ ગયો. ખેતીના કામમાં મદદરુપ થઇને માતાને અને નાની બહેનને ભણાવતો હતો તે સાથે તેણે પોતે પણ બારમાં ધોરણનો અભ્યાસ પુરો કર્યો. તારીખ ૩૦ માર્ચે બપોરે ૧:૩૦ વાગે તેની બહેનની પરિક્ષા હોવાથી તેની સ્કુલે બાઇક ઉપર મુકવા ગયો હતો ત્યાંથી ઘરે પરત ફરતા બાઇક સ્લીપ થઇ ગઇ અને તે રસ્તામાં પટકાયો. માથાના ભાગે ગંભીર ઇજાઓ થઇ ગામની વ્યક્તિ એ આ બનાવ જોતા જ તે દોડી આવ્યો અને ૧૦૮ એમ્બ્યુલન્સ ને ફોન કર્યો સાથે સાથે તેના કાકાને પણ ફોન કર્યો. પરિવાર દોડી આવ્યો અને તેને વાત્રકની સરકારી હોસ્પિટલમાં લઇ જવામાં ત્યાં તેમની તબિયતની ગંભીરતા જોઇ ને તેમને અમદાવાદ સિવિલ હોસ્પિટલમાં લઇ જવાની સલાહ મળી તેથી પરિવાર તેને સિવિલ હોસ્પિટલ અમદાવામાં લઇ આવ્યો પણ મગજમાં થયેલ ગંભીર ઇજાઓ ના કારણે તેમનું બ્રેઇનડેથ થઇ ચુક્યું હતું. સિવિલ હોસ્પિટલના મેડીકલ સુપ્રિન્ટેન્ડન ડોકટર રાકેશ જોષી અને ટીમે પરિવારને બ્રેઇનડેથ વિશે માહીતી આપી અને અંગદાન કરવા માટે સમજાવ્યા. માતાની ઉપર તો આભ તુટી પડ્યું જુવાંજોધ દીકરાના મૃત્યુંને સ્વીકારવુ બહુ જ મુશ્કેલ છે પણ આ માતાએ હૃદય પર પત્થર મુકી બીજી માતાઓના બાળકોને નવજીવન મળે તે માટે અંગદાનનો નિર્ણય લીધો અને તેમાં પરિવારે સાથ આપ્યો. સિવિલ હોસ્પિટલની ટીમે SOTTO-ગુજરાત સાથે સંકલન કરી અંગદાનના કાર્યને હાથ પર ધર્યુ. IKDRC-ITS ની ટીમે સિવિલ હોસ્પિટલ ખાતે પહોંચી ઓપેરેશન દ્વારા કિડની અને લીવરનો સ્વીકાર કર્યો અને યુ.એન.મેહતા હોસ્પિટલે હ્રદયનો સ્વીકાર કર્યો. દર્દીઓમાં તારીખ ૦૧ એપ્રિલ, ૨૦૨૪ ના રોજ આ અંગોના પ્રત્યારોપણ કરવામાં આવ્યા.

2. ૫૨ વર્ષીય ભાવનગરના ગૃહીણીના પતિ હીરા વ્યવસાય સાથે સંકળાયેલા છે. ત્રણ દીકરીઓ અને એક દીકરાની માતા પોતે પણ બંગલામાં કામ કરવા જતા અને ઘરની આર્થિક જવાબદારીઓમાં પોતાનો સહકાર આપતા. તેમનો દિકરો પ્રાઇવેટ જોબ કરતો હતો, બે દીકરીઓને સાસરે વળાવી દીધી હતી. ત્રીજી દીકરીની સગાઇ કરી હતી તે જમાઇ ડોકટર છે અને તેમણે જ અંગદાન નો રાહ પરિવારને ચીંધ્યો. તેમને બ્લડપ્રેશરની તકલીફ હતી ડોકટરો એ તેમને નિયમિત દવાઓ લેવાની કહી હતી પરંતુ તેઓ દવાઓ લેતા ન હતા અને પરિવારને કળવા દીધુ નહોતુ કે એમને તકલીફ થઇ રહી છે. જેના પરિણામ સ્વરૂપ તારીખ ૦૨ એપ્રિલ ૨૦૨૪ ના રોજ બંગલે કામ કરવા ગયા હતા અને અને બપોરે ૧૨:૦૦ વાગે બેભાન થઇ ગયા. જેમના ત્યાં કામ કરતા હતા તે પરિવાર તેમને HCG હોસ્પિટલ લઇ ગયા. ત્યાં તેમને બ્રેઇન હેમરેજ હોવાનું નિદાન થયું. તેમના ભાવિ જમાઇ આરોગ્યમ હોસ્પિટલના ડોકટરોને અંગત રીતે જાણતા હતા તેથી તેમને આરોગ્યમ હોસ્પિટલમાં ખસેડાયા. ત્યાં સી.ટી.સ્કેન રિપોર્ટ કરાવતા બ્રેઇનડેથ થયાનું જાણમાં આવ્યુ તેમના ન્યુરોસર્જન ડો.રાજેંદ્ર કાબરીયા અને ટીમે તેમને બ્રેઇનડેથ જાહેર કર્યા અને પરિવારને અંગદાન માટે સમજાવ્યુ. પરિવારના ભાવિ જમાઇ એ તરત જ તેમના દીકરાને જણાવ્યું કે હવે આપણા હાથમાંથી તેમની જીવનની ડોર સરી ગઇ છે તો આપણે અંગદાન કરીને એવા દર્દીઓ કે જેમને મમ્મીના અંગો દ્વારા નવું જીવન મળશે તો આપણે અંગદાન કરીએ. દીકરાને આ વાત સ્પર્શી ગઇ અને તેના પિતાને જણાવ્યું તેમણે પણ કીધુ કે વાત સાચી છે મારી તેમાં સમંતિ છે. પરિવારની સમંતિ મળતાજ SOTTO-ગુજરાતે જે હોસ્પિટલોને અંગોની ફાળવણી કરી હતી તેમણે ભાવનગર પહોંચી અંગોનો સ્વીકાર કર્યો. કિડની અને લીવરને ગ્રીન કોરીડોરની મદદથી અમદાવાદ લાવવામાં આવ્યા. આ અંગોના પ્રત્યારોપણો દર્દીઓમાં તારીખ ૬ એપ્રિલ, ૨૦૨૪ ના રોજ કરવામાં આવ્યા.

3. અમદાવાદના ૫૮ વર્ષીય ગૃહસ્થ પગે થી અપંગ હતા અને એકલા જ રહેતા હતા. અપંગતાને જીવનનો એક ભાગ સમજીને ખેલદીલીથી સ્વીકારી લીધુ હતુ અને મજુરી કરીને સ્વમાનથી પોતાનું નિર્વાહ ચલાવતા. પોતાની બહેનના દીકરા એટલે કે ભાણીયાના ઘરની બાજુમાં જ પોતાનુ ઘર લીધુ હતુ જેથી ભાણીયો તેમનું ધ્યાન રાખી શકે. તારીખ ૦૫ એપ્રિલ ૨૦૨૪ ના રોજ તેમને માથુ દુખતુ હતુ તેથી ઘરની બાજુમાં આવેલા પ્રાઇવેટ ક્લીનીકમાં બતાવ્યુ ત્યારે બ્લડપ્રેશર વધારે આવતા ડોકટરે તેમને દવાઓ આપી અને આરામ કરવાની સલાહ આપી સાથે સાથે મગજનું એમ.આર.આઇ કરાવડાવી દેજો તેવી સલાહ આપી. તેઓ ઘરે આવ્યા અને ભાણીયાને કીધુ કે એક-બે દિવસમાં આપણે એમ.આર.આઇ કરાવી લઇશુ. પરતું તેમને સ્વપનેય ખ્યાલ ન હતો કે મૃત્યું તેમની રાહ જોઇ રહ્યુ હતું. તારીખ ૦૬ જુન ૨૦૨૪ ના રોજ રાત્રે ભાણીયાના ઘરે જમીને પોતાના ઘરે સુવા આવ્યા પણ અચાનક બ્લડપ્રેશર એકદમ વધી જતા તેમને શારદાબેન હોસ્પિટલમાં લઇ જવામાં આવ્યા ત્યાં સુધી તેઓ બેભાન થઇ ચુક્યા હતા ત્યાંથી પરિવાર તેમને સિવિલ હોસ્પિટલમાં લઈ આવ્યો જ્યાં તેમની સઘન સારવાર ચાલુ થઇ પંરતુ સફળતા મળી નહી. સિવિલ હોસ્પિટલની ટીમ દ્વારા તેમને બ્રેઇનડેથ જાહેર કરવામાં આવ્યા. મેડીકલ સુપ્રિન્ટેન્ડન ડોકટર રાકેશ જોષી અને ટીમે પરિવારને બ્રેઇનડેથ વિશે માહીતી આપી અને અંગદાન કરવા માટે સમજાવ્યા. તેમના દિકરા સમાન ભાણીયા માટે મામા ના મૃત્યુને સ્વીકારવું આઘાતજનક હતુ પણ તેમણે તે સ્વીકાર્યુ અને અંગદાનનું મહત્વ ને પણ સારી રીતે સમજ્યા તેથી તેમણે સમગ્ર પરિવારને અંગદાન માટે સમજાવ્યા અને પરિવારની સંમતિ મળતા જ સિવિલ હોસ્પિટલની ટીમે SOTTO-ગુજરાત સાથે સંકલન કરી અંગદાનના કાર્યને હાથ પર ધર્યુ. IKDRC-ITS ની ટીમે સિવિલ હોસ્પિટલ ખાતે પહોંચી કિડની અને લીવરનો સ્વીકાર કર્યો તારીખ ૯ એપ્રિલ, ૨૦૨૪ ના રોજ અંગોના પ્રત્યારોપણ દર્દીઓમાં કરવામાં આવ્યા.

4. મુળ અમરેલી જીલ્લાના મોલડી ગામના ૪૬ વર્ષીય વતની સુરતમાં કામ-ધંધાર્થે સ્થાયી થયા હતા. તેઓ મકાનોની લે-વેચની દલાલીનું કામ કરતા હતા. વર્ષો પહેલા જ તેમના લગ્નજીવનનો અંત આવ્યો હતો, તેમણે બીજા લગ્ન કર્યા ન હતા અને એકલા જ રહેતા હતા. પરિવારમાં પિતા, એક બહેન અને ભાઇ નો સમાવેશ થતો હતો. તેઓ પણ સુરતમાં જ રહેતા હતા. તારીખ ૧૧ એપ્રિલ ૨૦૨૪ ના રોજ બપોરે વરાછા નાકાની જોડે ખોડલ રેસ્ટોરન્ટમાં થી ટીફીન લઇને ઘરે જતા હતા ત્યાં અજાણ્યા વાહને તેમને ટક્કર મારી અને તેઓ રસ્તા ઉપર પટકાયા. ગંભીર ઇજાઓ સાથે તેમને રસ્તા ઉપર પડેલા જોઇ રાહદારીઓ ભેગા થઇ ગયા અને તેમણે ૧૦૮ એમ્બ્યુલન્સ બોલાવી અને નજીકની દીનબંધુ હોસ્પિટલમાં લઇ જવામાં આવ્યા. ૧૦૮ એમ્બ્યુલન્સ વાળાએ તેમના ફોન ઉપરથી તેમના બનેવીને ફોન કર્યો કે તમારા સાળાને અકસ્માત થયો છે અને અમે તેમને હોસ્પિટલ લઇ જઇએ છીએ. બનેવી એ તેમના બીજા સાળાને ફોન કર્યો અને પરિવાર હોસ્પિટલ દોડી આવ્યો. પરિવારે તેમને વીનસ હોસ્પિટલમાં ખસેડ્યા. મગજમાં થયેલ ગંભીર ઇજાઓના કારણે તેમનું બ્રેઇનડેથ થયું હતુ. પરિવાર ને ડોકટરોની ટીમે અને ડોનેટ લાઇફના શ્રી નિલેશ માંડલેવાલા એ બ્રેઇનડેથ વિશે સમજ આપી અને અંગદાન વિશે સમજાવ્યું. પરિવારમાં તેમના ભાઇએ પહેલા સમાચારપત્રોમાં અંગદાન વિશે વાંચ્યુ હતુ તેના કારણે તેમને અંગદાન વિશે થોડીઘણી માહીતી હતી જ તેથી તેમણે સર્વપ્રથમ અંગદાનના આ પુણ્ય કાર્ય માટે સંમતિ આપી અને ત્યારબાદ પિતા અને બહેનને પણ સમજાવ્યા. પરિવારની સંમતિ મળતા જ SOTTO -ગુજરાતને અંગદાન અંગે જાણકારી આપવામાં આવી અને તેણે તરત જ સંકલન હાથ ધરી તેમની કિડની, લીવરની ફાળવણી જે હોસ્પિટલોને કરી હતી તેમણે તાત્કાલીક સુરત પહોંચી અંગોનો સ્વીકાર કર્યો અને તેમને ગ્રીન કોરીડોરની મદદથી હોસ્પિટલોમાં પંહોચાડવામાં આવ્યા. કિડની, લીવરના પ્રત્યારોપણો દર્દીઓમાં તારીખ ૧૫ એપ્રિલ, ૨૦૨૪ ના રોજ કરવામાં આવ્યા.

5. ડીસા, બનાસકાંઠા ના ૩૯ વર્ષીય યુવક કડીયા કામ કરતો અને પોતાના નાનકડા પરિવાર સાથે આનંદથી જીવતો હતો. પત્નિ અને નાની દીકરી

સાથેનો આ પરિવાર તારીખ ૧૭ એપ્રિલ ૨૦૨૪ ના રોજ વિખરાઇ ગયો. તે દિવસે સાંજે કામ પરથી બાઇક ઉપર ઘરે પરત ફરતી વખતે કાર ચાલકે તેને અડફેટે લીધા અને તેઓ રસ્તા ઉપર માથાના ભાગે પટકાયા. ત્યાંથી પસાર થતા એક રાહદારી એ તેમને ઓળખી કાઢ્યા કે આતો આપણા જ ગામના ભાઇ છે અને તેમના સાળાને ફોન કરીને અકસ્માતની જાણ કરી અને ૧૦૮ એમ્બ્યુલન્સને બોલાવી નજીકની પ્રાઇવેટ હોસ્પિટલમાં લઇ ગયા. તેમના સાળા અને પત્નિ હોસ્પિટલમાં પહોંચી ગયા ત્યાં તેમણે જોયુ કે ઇજાઓ ઘણી હતી. ડોકટરોએ તેમના ગંભીર તબિયતની પરિવારને જાણ કરી. પરિવાર ગંભીરતા સમજી ગયો અને તાત્કાલીક તેમને અમદાવાદ સિવિલ હોસ્પિટલમાં ખસેડવાનો નિર્ણય લીધો. અમદાવાદ સિવિલ હોસ્પિટલના ડોકટરોએ સઘન સારવાર શરુ કરી પણ વિધીના લેખને કોણ ટાળી શક્યું છે! અંતે સિવિલ હોસ્પિટલની ટીમ દ્વારા તેમને બ્રેઇનડેથ જાહેર કર્યા. મેડીકલ સુપ્રિન્ટેન્ડન ડોકટર રાકેશ જોષી અને ટીમે પરિવારને બ્રેઇનડેથ વિશે માહીતી આપી અને અંગદાન કરવા માટે સમજાવ્યા. તેમના પત્નિને તો ડીસાથી જ ખ્યાલ આવી ગયો હતો કે પતિનો સાથ બહુ લાંબો નથી. તેમણે પતિના મૃત્યુ ને તો સ્વીકાર્યુ અને પતિના અંગદાનથી અંગફેલ્યોરથી પીડાતા દર્દીઓને નવજીવન આપવાની હામી ભરી. SOTTO -ગુજરાતે ત્વરીત સંકલન કર્યુ અને IKDRC-ITS ની ટીમે સિવિલ હોસ્પિટલ ખાતે પહોંચી ઓપેરેશન હાથ ધર્યુ અને કિડની અને લીવરનો સ્વીકાર કર્યો તારીખ ૧૯ એપ્રિલ, ૨૦૨૪ ના રોજ અંગોના પ્રત્યારોપણ કરવામાં આવ્યા.

6. સુરત નિવાસી ૪૨ વર્ષીય યુવક મુળ ઝંગર ગામ, અમરેલી જીલ્લાના વતની પણ હીરાના વ્યવસાય માટે વર્ષોથી સુરત રહેતા હતા. પત્નિ અને ૧૮ વર્ષના દીકરાનો નાનકડો પરિવાર હતો. દિકરો ભણવામાં હોશીયાર અને આઇ.ટી.ના પહેલા વર્ષમાં અભ્યાસ કરતો. પિતાને તેનાથી ઘણી આશાઓ હતી અને તેના સ્વપનાઓ પુર્ણ કરવા માટે તેઓ કટીબધ્ધ હતા. પરંતુ તારીખ ૨૦ એપ્રિલ ૨૦૨૪ ના રોજ પરિવારના આ મોભી ધંધા અર્થે વ્યારા જતા હતા ને માર્ગમાં કાર અને ટ્રકચાલકની બેદરકારીથી તેમના બાઇકને અકસ્માત થયો અને તેઓ ગંભીર રીતે ઘાયલ થયા. ત્યાંથી પસાર થતા અન્ય લોકો એ તાત્કાલીક ૧૦૮ એમ્બ્યુલન્સને બોલાવી લીધી અને તેમને વ્યારાની સિવિલ હોસ્પિટલમાં લઇ જવામાં આવ્યા. ૧૦૮ ના કર્મચારી એ તેમના ખીસ્સા તપાસતા ઘણા બીલો નીકળ્યા અને તેમાંથી વ્યાપારીઓનો સપંર્ક કરીને તેમના પત્નિનો ફોન નંબર મેળવવામાં સફળતા મળી અને આ અગમ્ય બાનાવની જાણકારી તેમને આપવામાં આવી. પરિવાર તો ઘડીક ચેતના ગુમાવી બેઠો પણ પછી સ્વસ્થતા કેળવીને વ્યારા હોસ્પિટલ પહોંચી ગયા. ત્યાંથી તેમને સુરત સિવિલ હોસ્પિટલ ખાતે ખસેડાયા અને ત્યાંથી પી.પી.માનીયા હોસ્પિટલ ખસેડવામાં આવ્યા. ડોકટરોના પ્રયત્નો છતા તેમની તબિયતમાં સુધારો થયો નહી અને છેવટે તેમને બ્રેઇનડેથ જાહેર કરવામાં આવ્યા. હોસ્પિટલની ટીમ, જીવનદીપ ઓર્ગન ડોનેશન ફાઉંડેશન ના પિયુષ ગોંડલિયા, વિપુલ તળાવીયા અને ડોકટર નિલેશ કાછડીયા એ પરિવારને અંગદાન માટે સમજાવ્યા. પરિવારમાં તેમના મોટા ભાઇના મિત્ર વર્તુળમાં અગાઉ તેમના એક મિત્રનું અકસ્માત પછી અંગદાન કરવામાં આવ્યુ હતુ તેથી અંગદાનની થોડી માહીતી તેમને હતી તેથી તેમણે તરત જ હામી ભરી અને તેમના પત્નિ, દીકરાને પણ સમજાવ્યા. પત્નિની સંમતિ મળતા જ SOTTO -ગુજરાતે અંગદાનની કાર્યવાહી આરંભી દીધી. IKDRC-ITS ની ટીમે સિવિલ હોસ્પિટલ ખાતે પહોંચી ઓપેરેશન હાથ ધર્યુ અને લીવરનો સ્વીકાર કર્યો જ્યારે યુ.એન.મેહતા હોસ્પિટલે હ્રદયનો સ્વીકાર કર્યો. તેમના હાથોની ફાળવણી ROTTO (રીજીયોનલ ઑર્ગન એંડ ટીસ્યુ ટ્રાંસ્પ્લાંટ ઑર્ગેનાઇઝેશન) દ્વારા બીજા રાજ્યના દર્દીને કરવામાં આવી હતી તેમની ટીમે બને હાથોનો સ્વીકાર કર્યો. હ્રદયને અને હાથોને વિમાન દ્વારા તેમજ લીવરને ગ્રીન કોરીડોરની મદદથી હોસ્પિટલોમાં પહોંચાડવામાં આવ્યા. બધા અંગોના પ્રત્યારોપણ દર્દીઓમાં તારીખ ૨૩ એપ્રિલ, ૨૦૨૪ ના રોજ કરવામાં આવ્યા.

7. મહેસાણાના પરિવારના ૬૭ વર્ષના ''બા'' દીકરા, પુત્રવધુ અને બે પૌત્રો સાથે રહેતા. પતિનું અવસાન થયુ ત્યારે તેઓ ભાંગી પડ્યા હતા પણ પોતાના દુઃખને લાડકા પૌત્રોમાં મન પરોવી વિસારે પાડી દીધુ હતું. આ ઉમરમાં પણ એકદમ ઉત્સાહી હતા. પુત્રવધુને ઘરના દરેક કાર્યમાં મદદરુપ થતા અને પૌત્રો સાથે પણ તેમનો સમય ક્યાંય વ્યતિત થઇ જતો. તારીખ ૨૫ એપ્રિલ ૨૦૨૪ ની સાંજે તેઓ ઘરનો કચરો કચરાપેટીમાં નાખીને ઘરે પરત ફર્યા અને અચાનક તેમને માથામાં અને કમરમાં ભંયકર દુઃખાવો ચાલુ થયો. પુત્રવધુ ને આ દુઃખાવો અજુગતો લાગતા પતિને જાણ કરી અને દિકરો નોકરી પરથી તરત ઘરે આવ્યો અને તેમને બેભાનઅવસ્થામાં મહેસાણાની લાયન્સ હોસ્પિટલમાં લઇ જવામાં આવ્યા ત્યાં બે દિવસ સુધી તેમની સારવાર થઇ પરંતુ કોઇ સુધારો થયો નહી. તેમને અમદાવાદની સીમ્સ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા જ્યાં તેમને બ્રેઇનડેથ જાહેર કરવામાં આવ્યા. હોસ્પિટલની ટીમે પરિવારને અંગદાન વિશે સમજાવ્યુ. તેમના દિકરા એ થોડા સમય પહેલા જ ''કેડેવર'' નામનું પિક્ચર જોયુ હતુ તેમાં અંગદાનનો વિષય હતો તેમને તે યાદ હતુ તેથી તેણે તરત જ માતાના અંગોના દાન કરવા સમંતિ આપી. SOTTO-ગુજરાતે જે દર્દીઓને કિડની અને લીવરની ફાળવણી કરી હતી તે દર્દીઓમાં કિડની અને લીવરનું પ્રત્યારોપણ તારીખ ૨૭ એપ્રિલ,૨૦૨૪ ના રોજ પ્રત્યારોપણ કરવામાં આવ્યા.

8. પંચમહાલના આદીવાસી સમાજના ૪૯ વર્ષીય ગૃહસ્થ કામરેજ, સુરતમાં સફાઇ કામદાર તરીકે કાર્ય કરતા હતા તેમના આ કાર્યમાં તેમના પત્નિ પણ સાથ આપતા હતા. તેમના ૨૨ વર્ષીય અને ૧૯ વર્ષીય દીકરાઓ મજુરી કરીને પિતાને ઘર ચલાવવામાં મદદરુપ થતા. તારીખ ૨૮ એપ્રિલ ૨૦૨૪ ના રોજ સાંજે કરિયાણાની દુકાનમાં કરિયાણું ખરીદવા જતા હતા ત્યારે એક અજાણ્યા વાહન ચાલકે તેમને ટક્કર મારી અને તેઓ ગંભીર રીતે ઘવાયા તેમના માથાના ભાગે ગંભીર ઇજાઓ થઇ હતી અને તેઓ ઘટનાસ્થળે જ બેભાન થઇ ગયા. રાહદારીઓએ ૧૦૮ એમ્બ્યુલન્સ બોલાવી અને તેમને સ્મીમેર હોસ્પિટલમાં લઇ જવામાં આવ્યા. ત્યાં તેમનું સી.ટી.સ્કેન કરાવતા માથાના ભાગે ઘણી ઇજાઓ થઇ હોવાનું સ્પષ્ટ થયું.. તેમની સઘન સારવાર શરુ થઇ પણ મગજમાં થયેલ ઇજાઓથી છેવટે તેમને બ્રેઇન ડેથ જાહેર કરવામાં આવ્યા. સ્મીમેર હોસ્પિટલના ડો.અર્ચના નેમા અને ડોનેટ લાઇફના શ્રી નિલેશ માંડલેવાલા એ પરિવારને તેમના બ્રેઇનડેથ વિશે માહિતી આપી અને અંગદાન માટે સમજાવ્યા. પરિવારમાં શિક્ષણ ન હતુ પણ તેમના પત્નિએ એ વાત તો મનમાં બરાબર ઉતારી હતી કે પતિના અંગોનું દાન કરીને કોઇને નવું જીવન અપાતુ હોય તો તે કરવુ જ અને બાળકોનો પણ આ કાર્યમાં સાથ મળ્યો. SOTTO -ગુજરાતે અંગદાનની કાર્યવાહી આરંભી દીધી. IKDRC-ITS ની ટીમે સિવિલ હોસ્પિટલ ખાતે પહોંચી કિડની અને લીવરનો સ્વીકાર કર્યો અને ગ્રીન કોરીડોરની મદદથી અંગોને હોસ્પિટલ ખાતે પહોંચાડવામાં આવ્યા. આ અંગોનુ પ્રત્યારોપણ દર્દીઓમાં તારીખ ૧ મે, ૨૦૨૪ ના રોજ કરવામાં આવ્યા.

9. વિજયનગર, સાબરકાંઠા જીલ્લા ના ૪૨ વર્ષીય ગૃહીણી બે દીકરીઓ અને એક દીકરાની માતાની ફરજ નીભાવતા તો સાથે સાથે પોતાના ખેતરમાં કામ કરીને પતિને એક સાચા સહચરણી બનીને ઘર ચલાવવામાં મદદરુપ પણ થતા. તારીખ ૩૦ મે ૨૦૨૪ ના રોજ દીકરાની ૧૦માં ધોરણની પરિક્ષા હતી તે પુરી થતા તેઓ હિમંતનગરથી તેમના દીકરા સાથે બાઇક પર ઘરે પરત ફરતા હતા. જમાઇ બાઇક ચલાવતા હતા અને તેઓ અને તેમનો દિકરો પાછળ બેઠા હતા. પાછળથી આવતી કારના ચાલકે તેમને સાઇડની બાજુમાંથી ટક્કર મારી તેથી ત્રણેય જણા કારની સાથે સાથે રસ્તા ઉપર ઘસડાયા. ગામની નજીકમાં જ આ બનાવ બનતા ત્યાંથી પસાર થતા ગામના લોકો એ તેમને ઓળખી કાઢ્યા અને તરત જ તેમને હિમંતનગર સિવિલ હોસ્પિટલ લઇ ગયા. તેમના જમાઇ તો હોસ્પિટલ પહોંચતા પહેલા જ મૃત્યુ પામ્યા, દીકરાના પગના ભાગે ફ્રેક્ચર થયુ તો તેમને પોતાને પણ માથાના ભાગે ગંભીર ઇજાઓ પહોંચી. હિમંતનગર સિવિલમાં સીટી સ્કેન કરાવતા તેમની ગંભીર પરિસ્થિતીને પામી ડોકટરો એ તેમને અમદાવાદ સિવિલ હોસ્પિટલ જવાની સલાહ આપી. પરિવાર તેમને સિવિલ હોસ્પિટલ, અમદાવાદ લઇ આવ્યો. માથાની ગંભીર ઇજાઓના કારણે તેમના સારા થવાની આશા ઠગારી નીવડી. તેમને હોસ્પિટલની ટીમ દ્વારા બ્રેઇંડેથ જાહેર કર્યા. મેડીકલ સુપ્રિન્ટેન્ડન ડોકટર રાકેશ જોષી અને ટીમે પરિવારને અંગદાન કરવા માટે સમજાવ્યા. તેમના પતિ માટે તો પહેલા ઘરમાં જુવાનજોધ જમાઇનું મૃત્યુ અને હવે પત્નિના મૃત્યુંના આઘાતને પચાવવું જ

આંચકારુપ હતુ પણ ડોકટરોની વાતને તેઓ સમજ્યા અને શરીર તો હવે રાખ થઇ જશે તો અંગદાન કરી અંગફેલ્યોરથી પીડાતા દર્દીઓમાં તે જીવતી રહેશે તેવી સમજ સાથે તેમણે અંગદાનના આ કાર્યને તેમની સંમતિ આપી. SOTTO -ગુજરાતે ત્વરીત સંકલન કર્યુ અને IKDRC-ITS ની ટીમે સિવિલ હોસ્પિટલ ખાતે પહોંચી ઓપરેશન હાથ ધર્યુ અને કિડની અને લીવરનો સ્વીકાર કર્યો જ્યારે યુ.એન.મહેતા હોસ્પિટલે હ્રદયનો સ્વીકાર કર્યો. તારીખ ૨ મે, ૨૦૨૪ ના રોજ અંગોના પ્રત્યારોપણ દર્દીઓમાં કરવામાં આવ્યા.

10. જુનાગઢના ૫૭ વર્ષીય બે દીકરાઓ અને એક દીકરીની માતા નગરપાલીકામાં સ્વીપરની ફરજ બજાવતા હતા. પતિનું 6 વર્ષ પહેલા અવસાન થયું હતુ. દીકરી સાસરે હતી તો બંને દીકરાઓ નોકરી કરતા હતા. તારીખ ૨૩ એપ્રિલ ૨૦૨૪ ના રોજ તેમનું બ્લડપ્રેશર વધી ગયુ હતુ તેથી તેમને શાશ્વત હોસ્પિટલમાં લઇ જવામાં આવ્યા ત્યાં તેમને સારવાર મળતા સારુ લાગવા માંડ્યુ પણ ૨૫ એપ્રિલે રાત્રે તેમને બ્રેઇનસ્ટ્રોક આવ્યો અને તેમનું સી.ટી.સ્કેન કરાવતા હેમરેજ થયાનું નિદાન થયું તેથી તેમને રાજકોટની HCG હોસ્પિટલમાં લઇ જવામાં આવ્યા. બાળકો તેમની માતાને ગમે તેમ કરીને સારી કરવા માંગતા હતા તેથી જ્યાં આશા દેખાતી ત્યાં દોડી જતા પણ ઇશ્વરના લેખ કંઇક બીજા જ હતા. પરિવાર ચર્ચા-વિચારણા કરીને તેમને પાછા જુનાગઢ અગસ્ત્ય હોસ્પિટલમાં ખસેડ્યા. હેમરેજના કારણે તેમના મગજમાં ગંભીર ઇજાઓ થઇ ચુકી હતી ડોકટરો દ્વારા તેમનું ઓપરેશન કરવામાં આવ્યુ પણ સફળતા મળી નહી અંતે તેમને G.M.E.R.S. મેડિકલ કોલેજ અને હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા ત્યાં હોસ્પિટલની ટીમે તેમને બ્રેઇનડેથ જાહેર કર્યા. હોસ્પિટલ સુપ્રિન્ટેન્ડન ડોકટર કૃતાર્થ બ્રહ્મભટ્ટ, એડીશનલ મેડિકલ સુપ્રિટેન્ડન્ટ અને સર્જરી વિભાગના વડા ડોકટર દિગંત સીકોતરાએ દાતાના પરિવારને અંગદાન માટે સમજાવ્યા. તેમના બંને દીકરાઓએ નિર્ણય લેવા માટે સમય માંગ્યો. દીકરાઓએ ઘણી ચર્ચા કરી અને અંતે દર્દીઓના ભલા માટે અંગદાનની સંમતિ આપી. હોસ્પિટલે SOTTO-ગુજરાતની કચેરીમાં અંગદાન અંગે જાણ કરી અને SOTTO-ગુજરાતે તરત જ અંગદાન માટે સંકલન હાથ ધર્યુ અને તેમના અંગોને જે હોસ્પિટલોને ફાળવવામાં આવ્યુ હતુ તેમની ટીમે જુનાગઢ જઇને કિડની અને લીવરનો સ્વીકાર કર્યો અને ગ્રીનકોરીડોરની મદદથી અંગોને હોસ્પિટલ ખાતે લાવવામાં આવ્યા અને તેમનું પ્રત્યારોપણ દર્દીઓમાં તારીખ ૪ મે, ૨૦૨૪ ના રોજ કરવામાં આવ્યા.

11. દરીયાપુર, અમદાવાદના નિવાસી ૬૦ વર્ષીય ગૃહસ્થ કડીયા કામ કરીને પોતાનું ગુજરાન ચલાવતા. વર્ષો પહેલા લગ્નજીવનમાંથી છુટાછેડા લીધેલા તેથી એકલા જ હતા. ભાઇ-ભાભી અને તેમના બાળકો સાથે રહેતા અને સાદું જીવન જીવતા. તારીખ ૦૪ મે ૨૦૨૪ ના રોજ સાંજે તેઓ તેમના ઘરની સામે આવેલો રસ્તો ક્રોસ કરીને જતા હતા ત્યાં પુરપાટ આવતી એકટીવાના ચાલકે તેમને ટક્કર મારી અને તેઓ ઉછળીને રસ્તા ઉપર પડ્યા. આ સમગ્ર બનાવ તેમના ભાઇ ઘરની બહાર જ બેઠા હતા તેમણે જોયો અને ક્ષણભર તો તે સમજી જ ના શક્યા કે આ શુ થઇ ગયું પણ કળ વળતા જ તેઓ તરત જ પોતાના ભાઇ પાસે દોડ્યા પણ ભાઇ ગંભીર રીતે ઘવાયો હતા તેમના માથાના ભાગે ઇજાઓ થઇ હતી, તેમના કાનમાંથી લોહી વહી રહ્યુ હતું. પાડોશીઓની મદદથી તેમને સિવિલ હોસ્પિટલમાં લઇ જવામાં આવ્યા. ત્યાં તેમનું સી.ટી સ્કેન કરાવ્યું, તેમના તબિયતની ગંભીરતા જોઇ તાત્કાલીક આઇ.સી.યુ.માં દાખલ કરીને તેમની સઘન સારવાર ચાલુ કરવામાં આવી પણ ડોકટરોને સફળતા મળી નહી. તારીખ ૭ મે ૨૦૨૪ ના રોજ તેમને બ્રેઇન ડેથ જાહેર કરવામાં આવ્યા. સિવિલ હોસ્પિટલની ટીમે તેમના બ્રેઇનડેથ થયાની જાણ કરી અને અંગદાન માટે સમજાવ્યા. તેમના ભાઇ માટે અંગદાન કરવુ તે વાત જ આખી નવી હતી. પણ આ વિષયમાં વિચારતા તેમને લાગ્યું કે ડોકટરોની વાત સાચી છે ભાઇ તો હવે જીવવાના જ નથી તો તેમના અંગોના દાન દ્વારા દર્દીઓને નવું જીવન મળતુ હોય તો શુ ખોટુ? અને તેમણે અંગદાન માટે સમંતિ આપી. SOTTO-ગુજરાતને જાણ થતા જ ઝડપથી અંગદાન માટે સંકલન હાથ ધરવામાં આવ્યુ. IKDRC-ITS ની ટીમે સિવિલ હોસ્પિટલ ખાતે પહોંચી ઓપરેશન હાથ ધર્યુ અને કિડની અને લીવરનો સ્વીકાર કર્યો તારીખ ૯ મે, ૨૦૨૪ ના રોજ અંગોના પ્રત્યારોપણ દર્દીઓમાં કરવામાં આવ્યા.

12. ૩૮ વર્ષીય યુવક અમદાવાદમાં દાદી,માતા-પિતા,પત્નિ અને બે દીકરાઓ કે જે માત્ર આઠ વર્ષ અને ૧૧ વર્ષના જ છે તેમની સાથે રહેતો હતો. સયુંકત પરિવારનો પ્રેમાળ યુવક વીકેટી ટાયર કંપનીમાં સેલ્સ મેનેજરની નોકરી કરતો હતો. તારીખ ૨૫ એપ્રિલ ૨૦૨૪ ના રોજ રાત્રે પરિવાર સાથે બેઠા હતા અને સરસ રીતે બધા સાથે વાતો કરી રહ્યા હતા. વાતાવરણ એકદમ આનંદિત હતુ અને અચાનક આ ક્ષણ દુઃખમાં ફેરવાઇ ગઇ. તેમને એકદમ ખેંચ આવી અને તેઓ બેભાન થઇ ગયા. પરિવાર તાત્કાલીક તેમને નજીકની પ્રાઇવેટ હોસ્પિટલમાં લઇ ગયા જ્યાં સારવાર મળતા તેમને સારુ થયુ અને ઘરે આવીને બે દિવસ નોકરી પણ કરી. બીજા દિવસે ચાલુ નોકરી એ જ તેમને બેચેની થવા લાગી એટલે તેઓ ઘરે પરત આવ્યા. ઘરે આવતા જ તેમને ઉલ્ટીઓ ચાલુ થઇ અને બેભાન થઇ પડી ગયા. પરિવાર ને ખ્યાલ આવી ગયો કે આ સ્થિતી સાધારણ નથી જ. તેથી તુંરત જ ૧૦૮ એમ્યુલન્સ બોલાવીને ઝાયડસ હોસ્પિટલ લઇ ગયા. રસ્તામાં જ તેઓ પરિવારનો સાથ છોડી મૃત્યું ના રાહે ચાલી નીકળ્યા. ઝાયડસ હોસ્પિટલના ડોકટરો ને તેમને તપાસતા જ ખ્યાલ આવી ગયો કે હવે કશુ થાય તેમ નથી. સીટી સ્કેન કરાવ્યો અને પરિવારને તેમનું હેમરેજ થવાના કારણે બ્રેઇનડેથ થયાની જાણ કરી. હોસ્પિટલની ટીમે પરિવારનેં તેમના બ્રેઇનડેથ થયાની જાણ કરી અને તેમને અંગદાન માટે સમજાવ્યા. ઘડીવારમાં હતુ ન હતુ થઇ જતા પરિવાર અઘાતથી પડી ભાંગ્યો પણ કહેવાય છે ને કે સ્ત્રીની સહનશક્તિ ઘણી હોય તેમના પત્નિએ આ આઘાતને પચાવી અંગદાન વિશે સકારાત્મક રીતે વિચારવાનું શરુ કર્યુ. તેમના પિતા અને પત્નિ એ અંગદાન કરવાનો નિર્ણય લીધો. SOTTO-ગુજરાતને જાણ થતા જ ઝડપથી અંગદાન માટે સંકલન હાથ ધર્યુ અને તેના દ્વારા જે દર્દીઓને કિડની અને લીવરની ફાળવણી કરી હતી તે દર્દીઓમાં કિડની અને લીવરનું પ્રત્યારોપણ તારીખ ૯ મે, ૨૦૨૪ ના રોજ પ્રત્યારોપણ કરવામાં આવ્યા.

13. મુળ બાંસવારા, રાજસ્થાનના ૩૫ વર્ષીય યુવક જ્યાં મજુરી કામ મળે ત્યાં તેમના પત્નિ સાથે જતા અને મજુરી કરીને ઘર ચલાવતા. આ વખતે પાવાગઢમાં કામ મળતા આ દંપતિ પાવાગઢમાં હતા અને તેમની પાંચ દીકરીઓ ગામમાં એકલી રહેતી હતી. તેમની મોટી દીકરી ૧૫ વર્ષની હતી તે નાની બહેનોનું ધ્યાન રાખતી. પાડોશીઓ પણ સારા હતા તેઓ તેમને મદદ કરતા જ્યારે યુવકનો ભાઇ પણ નજીકમાં રહેતો હતો તે પણ કાળજી લેતો. તારીખ ૬ મે ૨૦૨૪ ની સાંજે ઘરમાં શાક ખલાસ થઇ ગયુ હતુ તો તેમણે તેમના પત્નિને કીધુ કે તુ રોટલા બનાવ ત્યાં સુધી હુ શાક લઇને આવું છુ અને તેઓ શાક લેવા નીકળ્યા પણ રસ્તામાં બાઇકવાળા એ તેમને ટક્કર મારી અને તેઓ ઉછળીને રસ્તા ઉપર પટકાયા અને માથાના ભાગે ગંભીર ઇજાઓ થઇ. તેઓ ત્યાં જ બેભાન થઇ ગયા. રાહદારીઓ ભેગા થઇ ગયા તે જ વખતે તેમનો કોંટ્રાકટર યોગાનુયોગ ત્યાંથી પસાર થઇ રહ્યો હતો તેણે જોયુ કે આટલુ ટોળુ કેમ થયું છે તે કુતુહલથી ત્યાં જોવા ગયો અને તેણે તેને ઓળખી કાઢ્યા. તરત જ ૧૦૮ એમ્બ્યુલન્સ બોલાવી તેને S.S.G. હોસ્પિટલ લઇ જવામાં આવ્યા. ત્યાંથી તેમને સિવિલ હોસ્પિટલ, અમદાવાદ ખાતે લઇ જવામાં આવ્યા. સિવિલ હોસ્પિટલમાં તેમની સઘન સારવાર શરુ થઇ. તેમના ભાઇ પણ રાજસ્થાનથી આવી ગયા. માથાની ગંભીર ઇજાઓના કારણે તેમનું બ્રેઇન ડેથ થઇ ચુક્યું હતુ. સિવિલ હોસ્પિટલની ટીમે પરિવારને બ્રેઇન ડેથ વિશે જાણ કરી અને અંગદાન માટે સમજાવ્યા. પરિવારે અંગદાન વિશે કદી સાંભળ્યુ ન હતુ પણ એમના મનના એક ખુણામાં આ વાત ઘર કરી ગઇ હતી કે આ સારુ કામ છે. છેવટે પત્નિ અને ભાઇ એ મન મક્કમ કર્યુ અને સંમતિ આપી. SOTTO -ગુજરાતે ત્વરીત સંકલન કર્યુ અને IKDRC-ITS ની ટીમે સિવિલ હોસ્પિટલ ખાતે પહોંચી ઓપરેશન હાથ ધર્યુ અને કિડની અને લીવરનો સ્વીકાર કર્યો જ્યારે યુ.એન.મહેતા હોસ્પિટલે હ્રદયનો સ્વીકાર કર્યો. તારીખ ૧૦ મે, ૨૦૨૪ ના રોજ અંગોના પ્રત્યારોપણ કરવામાં આવ્યા.

14. વિધ્યાનગર, આંણદના ૮૧ વર્ષીય વૃધ્ધ તેમના પત્નિ સાથે નિવૃત જીવન વિતાવતા હતા. આ દંપતિએ પહેલાથી જ નક્કી કર્યુ હતુ કે જો આપણામાંથી જેનું પહેલુ મૃત્યુ થાય તો બીજા સાથી એ તેના અંગદાન કરી દેવા.

પરિવારમાં બે દીકરાઓ પૈકી એક વિદેશમાં હતો અને બીજો દીકરો નવરચના યુનિવર્સીટી, વડોદરામાં વાઇસ ચાન્સેલર તરીકે કાર્યરત છે. તારીખ ૧૦ મે ૨૦૨૪ ના રોજ તેઓ તેમના નિત્યક્રમના ભાગ રુપે મોર્નીંગ વોકમાં નીકળ્યા હતા ત્યાં ચાલતા ચાલતા બેલેંસ ગયુ અને તેઓ નીચે પડી ગયા. લોકો ભેગા થઇ ગયા તેમણે જોયુ કે દાદાને બહુ જ વાગ્યુ છે તેથી તેમણે ૧૦૮ એમ્બ્યુલન્સ બોલાવી લીધી. તેવામાં તેમના પાડોશીનો દિકરો ત્યાંથી પસાર થતો હતો તેણે જોયુ કે આ તો આપણા પાડોશી દાદા જ છે તેણે ૧૦૮ વાળાને પુછ્યુ કે તેમને ક્યાં લઇ જવાના છો તેમણે કીધુ કે અમે એમને કે જેમાં પ્રમુખસ્વામી મેડિકલ કોલેજ-શ્રી ક્રિષ્ના હોસ્પિટલ છે તેમાં માં લઇ જઇએ છીએ. તેથી તે તરત જ તેમના ઘરે પહોંચ્યો અને તેમના પત્નિ ને લઇને હોસ્પિટલ પહોંચ્યો તેમનો દિકરો પણ હોસ્પિટલ દોડી આવ્યો. કરમસદ મેડિકલ કોલેજના સર્જરી વિભાગના વડા અને વાઇસ ડીન ડો.શીરીષ શ્રીવાસ્તવ તેમના ભાણીયા છે તેમણે તાત્કાલીક સારવાર ચાલુ કરી દીધી પણ મગજમાં થયેલ ઇજાઓ એ તેમને બ્રેઇનડેથ કર્યા. તેમનો પરિવાર દાદાની અંગદાનની ઇચ્છાને જાણતો હતો તેથી પરિવારે અંગદાન માટે તરત જ સંમતિ આપી. કરમસદ મેડિકલ કોલેજ, શ્રી ક્રિષ્ના હોસ્પિટલના નેફ્રોલોજીસ્ટ ડોકટર મૌલીન શાહે તરત જ SOTTO -ગુજરાતને જાણ કરી. SOTTO -ગુજરાતે ત્વરીત સંકલન કર્યુ દાદાની ૮૧ વર્ષની ઉંમરના કારણે તેમના અંગો લેવા કે નહી? તેવી અવઢવ ડોકટરોમાં હતી પણ તેમના રિપોર્ટોના આધારે લીવર અને કિડનીની બાયોપ્સીના અવલોકન પછી કિડનીઓ લેવાનું નક્કી કરવામાં આવ્યું. આ સમગ્ર પ્રક્રીયામાં હોસ્પિટલના મેડિકલ સુપ્રિન્ટેંડન્ટ ડોકટર જીતેષ દેસાઇનો સંપુર્ણ સહકાર આપ્યો. IKDRC-ITS ની ટીમે કરમસદ ખાતે પહોંચી ઓપેરેશન હાથ ધર્યુ અને કિડની અને લીવરનો સ્વીકાર કર્યો તારીખ ૧૨ મે, ૨૦૨૪ ના રોજ તેમના લીવરનું દર્દીમાં પ્રત્યારોપણ કરવામાં આવ્યુ અને તેમની બંને કિડનીઓનું પ્રત્યારોપણ એક જ દર્દીમા કરવામાં આવ્યું.

15. ૫૨ વર્ષીય ગૃહસ્થ રાજકોટના નિવાસી હતા. ઘરમાં પત્નિ અને બે દીકરીઓ હતી. તારીખ ૧૨ મે ૨૦૨૪ના રોજ બપોરે ૩:૦૦ વાગે ઘરેથી કોઇ કામ માટે ઘરેથી નીકળ્યા ત્યારે બીગ બજાર પાસે તેમને એક કાર ચાલકે ટક્કર મારી અને તેઓ રસ્તા ઉપર પટકાયા. માથાના ભાગે ગંભીર ઇજાઓ થતા તેઓ રસ્તા ઉપર બેભાન થઇ ગયા. ત્યાંથી પસાર થતા લોકોએ ૧૦૮ એમ્બ્યુલન્સને બોલાવી અને તેમને રાજકોટ સિવિલ હોસ્પિટલમાં લઇ જવામાં આવ્યા. પરિવારને અકસ્માતની જાણ થતા તેઓ હોસ્પિટલ દોડી આવ્યા અને તેમને રાજ સુપર સ્પેશિયાલીટી હોસ્પિટલમ્માં લઇ જવામાં આવ્યા. ત્યાંથી તેમને બી.ટી.સવાણી હોસ્પિટલ ખાતે લઇ જવામાં આવ્યા પરંતુ તેમની તબિયત વધુ ને વધુ કથળતી ગઇ અને છેવટે તેમને બ્રેઇનડેથ જાહેર કરવામાં આવ્યા. ડોકટર દિવ્યેશ વિરોજા એ પરિવારને અંગદાન માટે સમજાવ્યા. તેમના પત્નિ, ભાઇ અને બહેનો એ અંગદાન માટે સંમતિ આપી. SOTTO -ગુજરાતે અંગદાન માટે ત્વરિત સંકલન કર્યુ અને IKDRC-ITS ની ટીમે સિવિલ હોસ્પિટલ ખાતે પહોંચી ઓપેરેશન હાથ ધર્યુ અને કિડની અને લીવરનો સ્વીકાર કર્યો. ગ્રીન કોરીડોરની મદદથી અંગોને હોસ્પિટલ ખાતે પંહોચાડવામાં આવ્યા. તારીખ ૧૩ મે, ૨૦૨૪ ના રોજ અંગોના પ્રત્યારોપણ દર્દીઓમાં કરવામાં આવ્યા.

16. કલોલના ૫૬ વર્ષીય ગૃહસ્થ અપરણીત હતા. તેમને પાંચ ભાઇઓ અને માતા નો પરિવાર હતો. તેઓ પોતાના એક ભાઇ અને માતા સાથે રહેતા. કડીયા કામ કરીને પોતાનુ ગુજરાન ચલાવતા. તેમને એક જગ્યાએ ટાઇલ્સ લગાવવાનું કામ મળ્યુ હતુ તેમની ટાઇલ્સની ખરીદી કરવા ગયા હતા. ત્યાંથી પાછા તેઓ રિક્ષામાં કામની જગ્યા એ પરત ફરતા હતા. રિક્ષામાં તેમની સાથે બીજા એક પ્રવાસી પણ અંદરની બાજુએ બેઠા હતા તેમને પહેલા ઉતરવાનું હતુ તેથી તેઓ પહેલા ઉતર્યા જેથી બીજા પ્રવાસી ઉતરી શકે પણ બાજુથી આવતી રિક્ષા એ તેમને ટક્કર મારી અને તેઓ રસ્તા ઉપર પડી ગયા. તેમના પગે ફ્રેકચર થયુ તેમણે પોતે જ તેમના ભાઇને ફોન કર્યો કે મને વાગ્યું છે. આ લોકો એ ૧૦૮ એમ્બ્યુલન્સને બોલાવી છે અને વીનય ઓઝાની હોસ્પિટલમાં લઇ જાય છે. તેમનો ભાઇ અને પરિવાર હોસ્પિટલ પહોંચી ગયો. હોસ્પિટલમાં તેમના પગમાં ઓપરેશન કરીને પ્લેટ્સ નાખવામાં આવી હોસ્પિટલના ડોકટરો એ જ્યારે તેમને તપાસ્યા ત્યારે તેમના ધ્યાને આવ્યું કે તેમના માથાના ભાગમાં પણ છોલાયુ હતુ તેથી તેમને સી.ટી.સ્કેન કરાવવાની સલાહ આપી. પણ તેમણે કીધુ કે એક્વાર ઘરે જઇએ પછી બે-ત્રણ દિવસે કરાવીશુ. હોસ્પિટલથી રજા મળતા તેઓ ઘરે ગયા ત્યારે તેમના ભાઇ અને માતા તેમની પાછળ પડ્યા હતા કે સી.ટી.સ્કેન કરાવી લઇએ પણ તે જ અરસામાં તેમના શરીરના જમણા ભાગે લકવો થયો તેથી તેમનો પરિવાર તેમને સિવિલ હોસ્પિટલ, અમદાવાદમાં લઇ આવ્યો પણ તેમના જીવવાની ક્ષણો હાથમાંથી રેતી સરે તેમ સરી પડી. સિવિલ હોસ્પિટલમાં સી.ટી સ્કેન કરાવતા જાણવા મળ્યુ કે તેઓ બ્રેઇનડેથ થઇ ચુક્યા હતા. મેડીકલ સુપ્રિન્ટેન્ડન ડોકટર રાકેશ જોષી અને ટીમે પરિવારને બ્રેઇનડેથ વિશે માહીતી આપી અને અંગદાન કરવા માટે સમજાવ્યા. તેમના ભાઇ અને માતાને આ વાત સ્પર્શી ગઇ કે આપણો દિકરો તો પાછો આવવાનો નથી પણ તેના અંગદાન દ્વારા કોઇનું ભલુ થતુ હોય તો આ કાર્ય કરવું જ જોઇએ અને તેમણે અંગદાનની સમંતિ આપી દીધી. SOTTO - ગુજરાતને જાણ કરવામાં આવી અને તેમના દ્વારા અંગદાન માટે સંકલન હાથ ધરવામાં આવ્યું. IKDRC-ITS ની ટીમે સિવિલ હોસ્પિટલ ખાતે પહોંચી ઓપેરેશન હાથ ધર્યુ અને કિડની અને લીવરનો સ્વીકાર કર્યો. તારીખ ૧૮ મે, ૨૦૨૪ ના રોજ અંગોના પ્રત્યારોપણ દર્દીઓમાં કરવામાં આવ્યા.

17. ભાવનગરના પાડાપાણ ગામના વતની એવા ૬૩ વર્ષીય ગૃહસ્થ ખેતીનું કામ કરતા અને સથે જમીન-મકાનની દલાલી નું કામ પણ કરતા. ઘરે પત્નિ, બે દીકરાઓ અને એક દીકરીનો સુખી પરિવાર હતો. દીકરીનું કન્યાદાન કરીને સાસરે વળાવી હતી જ્યારે બંને દીકરાઓ હીરાના વ્યવસાય સાથે સંકળાયેલા હતા. તારીખ ૧૯ મે ૨૦૨૪ ના રોજ નારી ગામે સગાના ઘરે શ્રીમંતનો પ્રસંગ હતો તેમાં ગયા હતા. ત્યાથી પોણા બે વાગે બાઇક ઉપર પાછળ પત્નિ ને બેસાડીને પોતાના ઘરે પાછા જતા હતા. આગળ તેમનો મોટો દિકરો બાઇક લઇને નીકળ્યો અને પાછળ આ દપંતિ બાઇક ઉપર હતુ. ત્યા પુરપાટ આવતી કારે તેમને અડફેટે લીધા અને આ દપંતિ રસ્તા ઉપર પટકાયું. દીકરાએ આ જોયુ અને તેણે તરત જ બાઇકને પાછુ વાળ્યું અને જોયુ કે પિતા તો ઘટનાસ્થળે જ બેભાન થઇ ગયા હતા અને માતાને પણ માથાના ભાગે વાગ્યુ હતુ અને મણકામાં ફ્રેકચર થઇ ગયુ હતુ તેથી તેણે તરત જ ૧૦૮ એમ્બ્યુલન્સ બોલાવીને ન્યુરોસર્જન ડોકટર રાજેંદ્ર કાબરીયાની હોસ્પિટલમાં લઇ જવામાં આવ્યા ત્યાં તેમની સારવાર ચાલુ થઇ. પિતાની વધુ તબિયત ગંભીર હતી તેથી નજીકની BIMS હોસ્પિટલમાં લઇ જવામાં આવ્યા. ત્યાં તેમનું સી.ટી.સ્કેન કરાવતા તેમના બ્રેઇનડેથ થયાનું નિદાન થયું. ડોકટર રાજેંદ્ર કાબરીયા અને હોસ્પિટલની ટીમે તેમના દીકરાઓને પિતાના બ્રેઇનડેથ થયાની જાણ કરી અને અંગદાન માટે સમજાવ્યું ત્યારે દીકરાઓ પહેલા તો તેઓ બધા અઘાતથી સુનમુન થઇ ગયા પણ જ્યારે તેમને કળ વળી ત્યારે તેમણે અંગદાન માટે સંમતિ આપી કારણકે તેમના કાકીની કિડની ફેઇલ થતા ૨૦૨૧૨ ના વર્ષમાં IKDRC-ITSમાં તેમનુ ટ્રાન્સપ્લાન્ટ કરવામાં આવ્યું હતુ તેથી તેમને અંગ ફેલ્યોરથી થતી પીડાઓની જાણકારી હતી જ. તેમણે માતાને અંગદાન માટે જાણ કરી તો તેમણે પણ આ તો સારુ કામ છે કહીને સમંતિ આપી દીધી. SOTTO -ગુજરાતને જાણ કરવામાં આવી અને તેમના દ્વારા અંગદાન માટે સંકલન હાથ ધરવામાં આવ્યું. જે હોસ્પિટલને લીવર ફાળવવામાં આવ્યુ હતુ તેમની ટીમ ભાવનગર પહોંચીને તેમણે ઓપરેશન હાથ ધર્યુ અને અંગોનો સ્વીકાર કર્યો. તેમની એક કિડની વપરાય તેવી ન હતી તેથી બીજી કિડનીનો IKDRC-ITS ની ટીમે સ્વીકાર કર્યો અને તારીખ ૨૪ મે, ૨૦૨૪ ના રોજ અંગોના પ્રત્યારોપણ કરવામાં આવ્યા.

18. મુળ વોરા કોટડા, ગોંડલનો ૪૦ વર્ષીય યુવક સુરતમાં માતા-પિતા, પત્નિ, દીકરા, દીકરી, ભાઇ-ભાભી અને બાળકો સાથેના સંયુકત પરિવારમાં રહેતા અને એમ્બ્રોયડરી નુ કામ કરતા હતા સાથે સાથે સેવાયુથ સોસાયટી નામની સામાજીક સંસ્થામાં સક્રીય રીતે કામ કરતા. આ સંસ્થા અંગદાનની જાગૃતી, બ્લડ ડોનેશન કેમ્પ તથા વિવિધ સામાજીક કાર્યો કરતી. તેમણે પણ પોતાના પરિવારમાં પહેલાથી જણાવી દીધુ હતુ કે જો મારુ મૃત્યુ થાય છે તો મારા અંગદાન કરી દેજો. તારીખ ૨૪ મે, ૨૦૨૪ ના રોજ રાત્રે જમીને મિત્ર સાથે સોસાયટીની બહાર ચોરા ઉપર બેઠા હતા અને વાતો કરતા હતા ત્યાં જ એકદમ તેમને ઉલ્ટી થઇ અને માથામાં અસહ્ય દુઃખાવો ઉપડ્યો. મિત્ર

પરિસ્થિતીને પામી ગયો અને ક્ષણનો પણ વિલંબ કર્યા સિવાય તેને ડાયમંડ હોસ્પિટલમાં લઇ ગયો સાથે સાથે પરિવાર પણ હોસ્પિટલ પહોંચી ગયો. ત્યાં સી.ટી.સ્કેન કરાવતા મગજમાં મોટા પ્રમાણમાં બ્રેઇન હેમરેજ થયાનું જણાયું. પરિવાર વધુ સઘન સારવાર માટે તેમને વીનસ હોસ્પિટલમાં લઇ જવામાં આવ્યા. ત્યાં તેમની સારવાર ચાલુ થઇ. પરિવારને પણ ધીમે ધીમે ખ્યાલ આવતો ગયો કે હવે તે આપણી વચ્ચે બહુ લાંબો સમય નહી રહે. બે દિવસની સારવાર બાદ વીનસ હોસ્પિટલની ટીમે તેમને બ્રેઇનડેથ જાહેર કર્યા. વીનસ હોસ્પિટલના ડોકટરો, જીવનદીપ ઓર્ગન ડોનેશન ના શ્રી પિયુષ ગોંડલીયા, વિપુલ તળાવીયા અને ડોકટર નિલેશ કાછડીયાએ પરિવારને અંગદાન કરવા માટે સમજાવ્યું. તેના પિતા અને પત્નિ તરત અંગદાન માટે માની ગયા કારણકે તેમને તેમના સ્વજનની ઇચ્છાની પહેલેથી જ જાણ હતી. SOTTO -ગુજરાતને જાણ કરવામાં આવી અને તેમના દ્વારા અંગદાન માટે સંકલન હાથ ધરવામાં આવ્યું. જે હોસ્પિટલને કિડની અને લીવર ફાળવવામાં આવ્યુ હતુ તેમની ટીમે સુરત પહોંચીને ઓપરેશન હાથ ધર્યુ અને અંગોનો સ્વીકાર કર્યો. જ્યારે યુ.એન.મહેતાની ટીમે તેમના હૃદયનો સ્વીકાર કર્યો. અંગોને વિમાન માર્ગે હોસ્પિટલમાં લાવવામાં આવ્યા અને તારીખ ૨૬ મે, ૨૦૨૪ ના રોજ અંગોના પ્રત્યારોપણ દર્દીઓમાં કરવામાં આવ્યા.

19. ૪૯ વર્ષીય નવસારીના અલથાણા, સુરત ના નિવાસી ફ્રુટની લારી ચલાવતા હતા. કુટુંબમાં પત્નિ અને બે દીકરાઓ છે. પત્નિ ગૃહીણી છે અને એક દિકરો હેર સલૂનમાં કામ કરે છે જ્યારે બીજો દિકરો લેબોરેટરીમાં કામ કરીને પિતાને મદદરુપ થતા હતા. તારીખ ૦૫ મે ૨૦૨૪ ના રોજ રાત્રે ૮ વાગે તેમનો સલૂનમાં કામ કરતો હતો તે દિકરો પિતાની લારી પર ગયો ત્યારે તેમણે દીકરાને કીધુ કે આજે મને બહુ બેચેની લાગે છે અને તેમને વોમીટીંગ થઇ હતી સાથે સાથે તેમને ચક્કર આવ્યા તેથી દિકરો તેમને નજીકની ક્લીનીકમાં લઇ ગયા ત્યાં ડોકટરે દવા આપી અને તે લીધા પછી તેમને સારુ લાગ્યું પણ તારીખ ૦૮ મે ૨૦૨૪ ના રોજ રાત્રે તેમને ફરીથી માથામાં અસહ્ય દુઃખાવો ઉપડ્યો અને ઉલ્ટીઓ ચાલુ થઈ તેથી તેમનો દિકરો તેમને ન્યુરોલોજીસ્ટ પાસે લઇ ગયો તેમણે એમ.આર.આઇ કરાવતા બ્રેઇન હેમરેજ થયાનું નિદાન થયુ તેથી તેમને ઉમા હોસ્પિટલમાં લઇ ગયા ત્યાં તેમની તબિયત વધુ ને વધુ બગડવા લાગી. તેથી પરિવાર તેમને ફર્સ્ટ કેર હોસ્પિટલમા લઇ જવામાં આવ્યા ત્યાં તેમના ઉપર ક્રેન્યોટોમી કરવામાં આવી પણ તબિયતમાં સુધારો થયો નહી તેથી તેમને તારીખ ૨૫ મે ૨૦૨૪ ના રોજ સુરતની કિરણ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા. ત્યાં તેમને બ્રેઇંડેથ જાહેર કરવામાં આવ્યા. કિરણ હોસ્પિટલની ટીમ અને ડોનેટ લાઇફના શ્રી. નિલેશ માંડલેવાળાએ પણ અંગદાનનું મહત્વ પરિવાર ને સમજાવ્યું. પરિવાર એટલો ભણેલો ન હતો પણ તેમના મનમાં એ વાત તો ઉતરી કે આપણું સ્વજન તો હવે નથી જ જીવવાના પણ અંગોને બાળી ન નખાય આપણે અંગદાન કરીને દર્દીઓને નવજીવન આપવું જ જોઇએ. પરિવારે સંમતિ આપી અને SOTTO -ગુજરાતને જાણ કરવામાં આવી અને તેમના દ્વારા અંગદાન માટે સંકલન હાથ ધરવામાં આવ્યું. SOTTO-ગુજરાતે જે દર્દીઓમાં કિડની અને લીવરની ફાળવણી કરી હતી તે દર્દીઓમાં કિડની અને લીવરનું પ્રત્યારોપણ તારીખ ૨૭ મે,૨૦૨૪ ના રોજ પ્રત્યારોપણ કરવામાં આવ્યા.

20. નવસારીના અડદા ગામના ૬૫ વર્ષીય ખેડૂત કર્મનિષ્ઠ હતા. પોતાના ખેતરને જીવના ટુકડાની જેમ સાચવતા. પરિવાર પત્નિ, બે દીકરાઓ અને દીકરીથી ભર્યુભાદર્યુ હતુ. મોટો દિકરો પોસ્ટ ઓફિસમાં ઓફિસરની પોસ્ટ ઉપર હતો અને નાનો હીરાના વ્યવસાય સાથે સંકળાયેલો હતો. દીકરી તેની સાસરીમાં સુખી હતી. તારીખ ૨૨ મે ૨૦૨૪ ની સાંજ પરિવાર માટે કપરી નીવડી. સાંજે ૪ વાગે બાઇક ઉપર તેઓ ખેતરે જવા નીકળ્યા અને ઘરેથી થોડાક જ આગળ ગયા હશે ને સામેથી પુરપાટ ઝડપે આવતી બાઇકે તેમને ટક્કર મારી. બાઇક તરુણ ચલાવતો હતો અને અકસ્માત કરીને તે ભાગી ગયો. તેઓ રસ્તા ઉપર પટકાયા અને માથાના ભાગે ગંભીર ઇજાઓ થઇ. લગભગ ૧૫ થી ૨૦ મિનિટ્સ સુધી રસ્તા ઉપર પડી રહ્યા અને ત્યાંથી પસાર થઇ રહેલા એક યુવકે તેમને ઓળખી કાઢ્યા તે તરત જ દોડતો દોડતો તેમના ઘરે ગયો અને કીધુ કે કાકા પડી ગયા છે જલ્દી ચાલો. મોટા દીકરાએ આ સાંભળ્યુ અને તેણે ઘટનાસ્થળે દોટ મુકી. પિતાને આ સ્થિતીમાં જોઇ તે પામી ગયો કે પિતા મોટી મુશ્કેલીમાં છે. તે પોતાની ગાડીમાં પિતાને પારસી હોસ્પિટલમાં લઇ ગયો જ્યાં સી.ટી.સ્કેન કરાવતા જ ડોકટરોએ તેમની ગંભીર સ્થિતીની જાણ પરિવારને કરી. પરિવાર તેમને INS હોસ્પિટલ, સુરત લઇ આવ્યો જ્યાં ન્યુરોસર્જન ડો.અનિરુધ્ધ આપ્ટે અને ડો. અશોક પટેલે તેમનું ઓપરેશન હાથ ધર્યુ પણ સફળતા મળી નહી અને તેઓ બ્રેઇનડેથ થઇ ગયા. પરિવારે ભારે હૃદયે ઘરના વડિલના મૃત્યુને સ્વીકાર્યુ. તેમનો નાનો દિકરો જે હીરાના વ્યવસાય સાથે સંકળાયેલો છે તેની કિડની ફેઇલ થઇ છે અને હાલ્માં તે ડાયાલીસીસ ઉપર છે તેની વ્યથાને તેમણે નજીકથી અનુભવી હતી તેથી પરિવારે તેમના અંગોના દાનની મંજુરી આપી. SOTTO -ગુજરાતે અંગદાન માટે ત્વરીત સંકલન હાથ ધર્યુ. IKDRC-ITS ની ટીમે INS હોસ્પિટલ, સુરત પહોંચી ઓપેરેશન દ્વારા કિડની અને લીવરનો સ્વીકાર કર્યો અને ગ્રીનકોરીડોરની મદદથી અંગો હોસ્પિટલમાં પહોચાડવામાં આવ્યા અને તારીખ ૨૮ મે, ૨૦૨૪ ના રોજ આ અંગોના દર્દીઓમાં પ્રત્યારોપણ કરવામાં આવ્યા.

21. વડોદરાનો ૨૦ વર્ષીય તરુણ માતા-પિતા અને નાની બહેન સાથે રહેતો હતો. કુરીયર સર્વિસમાં નોકરી કરતા આ તરુણના પિતા પ્રાઇવેટ જોબ કરતા અને માતા ગૃહીણી છે. નાની બહેન હજુ ભણે છે. તારીખ ૨૯ જુન ૨૦૨૪ ના રોજ તે જોબ ઉપરથી પોતાના ઘરે પાછો આવતો હતો ત્યાં રસ્તામાં ચાર-પાંચ નાના છોકરઓ રસ્તો ક્રોસ કરી રહ્યા હતા તેમને બચાવવા તેણે બ્રેક મારી અને તેનું બાઇક સ્લીપ થઇ ગયું. તેનો મિત્ર બીજી બાઇક ઉપર પાછળ જ આવતો હતો તેણે તરત જ પોતાની બાઇક ઉભી રાખી અને મિત્રની વહારે દોડ્યો. તેણે મિત્રના પિતાને ફોન કરીને સમગ્ર બનાવની જાણ કરી અને ૧૦૮ એમ્બ્યુલન્સ બોલાવીને તેને S.S.G. હોસ્પિટલમાં લઇ ગયો પણ ત્યાંની દાખલ કરવાની લાંબી પ્રક્રીયાથી માતાએ તેને વાઇટલ હોસ્પિટલ લઇ જવાનો નિર્ણય લીધો. વાઇટલ હોસ્પિટલમાં સી.ટી.સ્કેન કરવામાં આવ્યો તેનાથી તેની ગંભીર ઇજાઓ અંગે જાણ થઇ. ન્યુરોસર્જન ડોકટર જય પંડ્યા એ તેની સર્જરી કરી પણ સફળતા મળી નહી અને તેને બ્રેઇનડેથ જાહેર કરવામાં આવ્યા. ડોકટર જયે તેમને અંગદાન માટે સમજાવ્યા. તેનો પરિવાર અંગદાન માટે જાગૃત હતો તેથી તેમણે પરિવારમાં ચર્ચા કરી અને તેમણે તરત જ અંગદાન માટે સંમતિ આપી. SOTTO -ગુજરાતને જાણ કરવામાં આવી અને તેમના દ્વારા અંગદાન માટે સંકલન હાથ ધરવામાં આવ્યું. SOTTO -ગુજરાત દ્વારા જે હોસ્પિટલોને અંગો ફાળવ્યા હતા તેમની ટીમે વડોદરા જઇને કિડની અને લીવર પ્રાપ્ત કર્યા. તારીખ ૧ જુન,૨૦૨૪ ના રોજ આ અંગોના દર્દીઓમાં પ્રત્યારોપણ કરવામાં આવ્યા.

22. મુળ સરાઉરા ધુમનગર, ઉત્તરપ્રદેશના નિવાસી એવા આ ૩૪ વર્ષીય યુવક અપરણીત હતો. પરિવારમાં પિતાનું મૃત્યુ થયું હતુ અને માતા ગામમાં એકલી રહેતી હતી. બે બહેનો સાસરીમાં હતી જ્યારે ભાઇ પણ વેલ્ડીંગનું કામ મુંબઇમાં કરતો હતો. તેને કડીની એક બિલ્ડીંગ સાઇટ ઉપર કામ મળ્યુ હતુ. તારીખ ૦૧ જુન ૨૦૨૪ ના રોજ સવારે વેલ્ડીંગનુ કામ કરતા બિલ્ડીંગના પહેલા માળથી પગ લપસતા નીચે પડ્યો. માથાના ભાગે ઘણું વાગ્યુ હતુ. બીજા મજુરો ત્યાં ભેગા થઇ ગયા તેમનો કોંટ્રાકટર પણ દોડતો આવ્યો અને તે તરતજ તેને GCS હોસ્પિટલ અમદાવાદ લઇ આવ્યો. અને તેના ભાઇને સમગ્ર બનાવની જાણ કરી. ભાઇનો જીવ તાળવે ચોંટી ગયો અને તે મુંબઇથી અમદાવાદ આવવા નીકળી ગયો. તેને ટ્રેઇન ન મળતા તે ત્રણ ટ્રેઇન બદલીને અમદાવાદ આવી પહોંચ્યો. ત્યાં સુધી તેની ગંભીર પરિસ્થિતીને પામીને વધુ સઘન સારવાર માટે સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો. પણ મગજને થયેલ ગંભીર ઇજાઓએ તેને મૃત્યુંના દ્વારે લાવીને મુકી દીધો. સિવિલ હોસ્પિટલના મેડીકલ સુપ્રિન્ટેન્ડન ડોકટર રાકેશ જોષી અને ટીમે પરિવારને બ્રેઇનડેથ વિશે માહીતી આપી અને અંગદાન કરવા માટે સમજાવ્યા. ભાઇએ વિચાર્યુ કે ભગવાને તેનું આટલુ જ આયુષ્ય લખ્યુ હશે અને છેલ્લે તો તેનું શરીર રાખ જ થઇ જશે તો ભલેને તેના અંગો કોઇને કામ આવે અને તેણે અંગદાનની સંમતિ આપી. સિવિલ હોસ્પિટલની

ટીમે SOTTO-ગુજરાત સાથે સંકલન કરી અંગદાનના કાર્યને હાથ પર ધર્યુ. IKDRC-ITS ની ટીમે સિવિલ હોસ્પિટલ ખાતે પહોંચી ઓપેરેશન હાથ ધર્યુ અને કિડની અને લીવરનો સ્વીકાર કર્યો અને યુ.એન.મેહતા હોસ્પિટલે હ્રદયનો સ્વીકાર કર્યો. દર્દીઓમાં તારીખ ૪ જુન,૨૦૨૪ ના રોજ આ અંગોના પ્રત્યારોપણ કરવામાં આવ્યા.

23. રાજકોટના બીલ્ડીંગ કંસ્ટ્રકશનના વ્યવસાય સાથે સકંળાયેલા ૪૩ વર્ષીય યુવાન પોતાના માતા-પિતા, પત્નિ, દિકરો-દીકરી અને અપરણીત ભાઇ સાથે રહેતા અને સુખી જીવન જીવતા હતા. તેઓ રોજ સાંજે ૭ વાગે મજુરોના પગાર ચુકવીને, હિસાબ કરીને ઘરે આવી જતા પણ તારીખ ૦૨ જુન ૨૦૨૪ ની સાંજે ૮ વાગે સુધી તેઓ ઘરે ના આવતા પત્નિ ચીંતામાં મુકાઇ ગઇ કે તેઓ હજુ કેમ આવ્યા નહી ? તેથી તેણે પતિના મોબાઇલમાં ફોન કર્યો ત્યારે ૧૦૮ એમ્બ્યુલન્સના કર્મચારી એ ફોન ઉપાડ્યો અને તેણે જણાવ્યુ કે તમારા પતિને કોઇ અજાણ્યા વાહને અકસ્માત કર્યો હતો અને તેઓ બેભાન અવસ્થામાં રસ્તા ઉપર પડ્યા હતા. લોકો ભેગા થઇ ગયા હતા તેમાંથી એક જણાએ અમને જાણ કરી અને હવે અમે તેમને સિવિલ હોસ્પિટલમાં લઇ જઇએ છીએ તો તમે પણ ત્યાં પહોંચો. પત્નિ તો આ સાંભળીને ગભરાઇ ગઇ પણે તેના સસરા અને દીયરે તેમને હિમત આપી અને તેને સાથે લઇને તેઓ સિવિલ હોસ્પિટલ પહોંચી ગયા. ત્યાં સી.ટી.સ્કેન કરાવતા તેમના મગજમાં બહુ મોટા પ્રમાણમાં ઇજાઓ થયેલાની જાણ થઇ પરિવાર તેમને ગોકુલ હોસ્પિટલ ખાતે લઇ આવ્યો ત્યાં બે દિવસની સઘન સારવાર બાદ તેમને ડોકટર દિગ્વિજય જાડેજા અને ટીમે બ્રેઇન ડેથ જાહેર કર્યા. ડોકટરોની ટીમે તેમજ રાજકોટના ઓર્ગન ડોનેશન ફાઉન્ડેશનના ભાવના મંડલી એ તેમને અંગદાન માટે સમજાવ્યા. પરિવાર તો ભાંગી પડ્યો પણ તેમના પિતાએ મન મક્કમ કરીને અંગદાનનો નિર્ણય લીધો. તેમના પિતાએ તેમના પત્નિને પણ અંગદાન કરવા સમજાવ્યા. SOTTO -ગુજરાતને જાણ કરવામાં આવી અને તેમના દ્વારા અંગદાન માટે સંકલન હાથ ધરવામાં આવ્યું. IKDRC-ITS હોસ્પિટલની ટીમે રાજકોટ જઇને કિડની અને લીવર પ્રાપ્ત કર્યા, યુ.એન.મેહતાની ટીમે હ્રદયનો સ્વીકાર કર્યો અને જે હોસ્પિટલને ફેફસાની ફાળવણી કરી હતી તેની ટીમે ફેફસા પ્રાપ્ત કર્યા. વિમાન માર્ગે અને ગ્રીન કોરીડોરની મદદથી અંગોને હોસ્પિટલોમાં સમયસર પહોંચાડ્યા અને તારીખ ૫ જુન, ૨૦૨૪ ના રોજ આ અંગોના દર્દીઓમાં પ્રત્યારોપણ કરવામાં આવ્યા.

24. બાવળુ ગામ, કડી નિવાસી ૪૧ વર્ષીય ખેડુતે તેની પત્નિને ચાર વર્ષ પહેલા હ્રદયરોગના હુમલામાં ગુમાવી દીધી હતી. ૧૪ વર્ષના દીકરાની માતા અને પિતા બંનેની ભુમીકા ભજવીને કાળજી લેતા અને તેને પોતાના પ્રેમથી સીંચતા હતા. તારીખ ૧૨ જુન ૨૦૨૪ ની બપોરે ખેતરેથી પોતાના ઘરે ચાલતા ચાલતા ઘરે આવી રહ્યા હતા અને એક આખલાએ તેમની ઉપર હુમલો કર્યો તેઓ નીચે પડી ગયા હતા ત્યારે માથાના ભાગે વાગ્યુ અને લોહી નીકળવા લાગ્યું, આખલાએ તેમની ઉપર લાતોથી પ્રહાર કરે જ રાખ્યુ. બાજુમાંથી પસાર થતા ગ્રામજનોએ જોયુ તેમણે તરત જ આખલા ઉપર હુમલો કરીને દુર ભગાડ્યો પણ આ ખેડુત એટલા ગંભીર રીતે ઘાયલ થયા હતા કે ઘટનાસ્થળે જ બેભાન થઇ ગયા હતા. ગ્રામજનમાંથી એક તેના ભાઇના મિત્ર હતા તેમણે તેને ફોન કર્યો અને બનાવની જાણ કરી તો બીજી બાજુ તેને પોતાની ગાડીમાં ભાગ્યોદય હોસ્પિટલમાં લઇ ગયા ત્યાંથી તેમને સિવિલ હોસ્પિટલમાં લઇ જવાની સલાહ આપવામાં આવી. તેમને આઇ.સી.યુ માં સઘન સારવાર આપવામાં આવે પણ તેઓ બ્રેઇનડેથ થઇ ચુક્યા હતા. સિવિલ હોસ્પિટલના મેડીકલ સુપ્રિન્ટેન્ડન ડોકટર રાકેશ જોષી અને ટીમે પરિવારને બ્રેઇનડેથ વિશે માહીતી આપી અને અંગદાન કરવા માટે સમજાવ્યા. પરિવારમાં ઘરના વડિલો સાથે ભાઇ એ ચર્ચા કરી અને પરિવારે તેમના અંગદાનની સંમતિ આપી. સિવિલ હોસ્પિટલની ટીમે SOTTO-ગુજરાત સાથે સંકલન કરી અંગદાનના કાર્યને હાથ પર ધર્યુ. IKDRC-ITS ની ટીમે સિવિલ હોસ્પિટલ ખાતે પહોંચી ઓપેરેશન હાથ ધર્યુ અને કિડની અને લીવરનો સ્વીકાર કર્યો અને યુ.એન.મેહતા હોસ્પિટલે હ્રદયનો સ્વીકાર કર્યો. દર્દીઓમાં તારીખ ૧૩ જુન,૨૦૨૪ ના રોજ આ અંગોના પ્રત્યારોપણ કરવામાં આવ્યા.

25. ગામ કીડીયાનગર,કચ્છના ૨૬ વર્ષીય યુવક પોતાના પરિવાર સાથે રહેતો અને મજુરી કરીને પરિવારને મદદરુપ થતો. પરિવારમાં માતા-પિતા, એક ભાઇ, અને ત્રણ બહેનો હતી. પરિવારના વડિલ અને ભાઇની જેમ તે પણ કડીયા કામ કરતો. તે રોજ તેના પાડોશીના દીકરા કે તેનો સારો મિત્ર પણ હતો તેની બાઇક પાછળ બેસીને કામે જતો અને તેની સાથે જ પાછો આવતો. તારીખ ૦૭ જુન ૨૦૨૪ ના રોજ રાત્રે ૮ વાગે કામ પતાવીને બંને ઘરે પાછા આવતા હતા ત્યારે સામેથી આવતા છોટા હાથીના ચાલકે તેમને ટક્કર મારી. પાડોશીના દીકરાને પગે ફ્રેક્ચર થયુ હતુ પણ પાછળ બેસેલો આ યુવક ઉછળીને રસ્તા ઉપર પડ્યો. અને તેને માથામાં વાગ્યું. પાડોશીના દીકરાએ યુવકના પિતાને ફોન કર્યો કે અમારો અકસ્માત થયો છે મને થોડુ વાગ્યુ છે પણ તમારા દીકરાને વધુ વાગ્યુ છે તમે જલ્દી આવી જાઓ. અકસ્માત થતા લોકો ભેગા થયા તેમાંથી એકે ૧૦૮ એમ્બ્યુલન્સ બોલાવી અને બંનેને J.K.હોસ્પિટલ લઇ ગયા. ત્યાં તેને ઇન્ટ્યુબેટ કરવામાં આવ્યો. તબિયત ગંભીર થતી જતી હતી. પરિવારે નિર્ણય લીધો કે તેને અમદાવાદની સિવિલ હોસ્પિટલમાં લઇ જઇએ. તેથી પિતા, ભાઇ અને બનેવી તેને અમદાવાદ લઇ આવ્યા. સિવિલ હોસ્પિટલની ટીમે તાત્કાલીક આઇ.સી.યુ.માં દાખલ કર્યા અને સારવાર ચાલુ કરી પણ મગજમાં ઇજાઓ એટલી બધી થઇ હતી કે તેની બચવાની આશા નહીવત હતી. સિવિલ હોસ્પિટલની ટીમે અંતે તેમને બ્રેઇનડેથ જાહેર કર્યા. પરિવારને અંદાજ આવી જ ગયો હતો કે તેની બચવાની આશા છે જ નહી તેથી જ્યારે હોસ્પિટલની ટીમે તેમના બ્રેઇનડેથ થયાની જાણ કરી ત્યારે તેમણે તે સ્વીકારી જ લીધુ હતુ પણ અંગદાન એ તેમના માટે નવી જ વાત હતી તે છતા તેના પિતા, ભાઇ અને બનેવી એ વિચાર કર્યો કે છેલ્લે તો શરીર તો અગ્નિસંસ્કારમાં બળી જ જશે તેના કરતા તેના અંગો ભલે ને બીજાના કામે આવે અને તેમણે આ સત્કાર્યમાં હામી ભરી. SOTTO -ગુજરાતને જાણ કરવામાં આવી અને તેમના દ્વારા અંગદાન માટે સંકલન હાથ ધરવામાં આવ્યું. IKDRC-ITS ની ટીમે સિવિલ હોસ્પિટલ ખાતે પહોંચી ઓપેરેશન હાથ ધર્યુ અને કિડની અને લીવરનો સ્વીકાર કર્યો. દર્દીઓમાં તારીખ ૧૬ જુન,૨૦૨૪ ના રોજ આ અંગોના પ્રત્યારોપણ કરવામાં આવ્યા.

26. રતલામ, મધ્યપ્રદેશના ૨૪ વર્ષીય હોનહાર દિકરો રતલામ હોસ્પિટલમાં ડાયાલીસીસ ટેકનીશીયન તરીકે ફરજ બજાવતા હતા. તેમના પિતા પણ રતલામ હોસ્પિટલમાં જ ડાયાલીસીસ ટેકનીશીયન તરીકે ફરજ બજાવતા. માતા ગૃહિણી છે અને નાનો ભાઇ હજુ ભણતો હતો. તારીખ ૦૨ જુન ૨૦૨૪ ના રોજ સાંજે પરિવાર ઘરે સાથે જ હતો તે સમયે તે ઘરના બારીનો પડદો સરખો કરવા ગયો અને તેનો પગ લપસ્યો બારીમાં જાળી ન હતી તેને પકડવા માટે કોઇ જ સહારો ન હતો અને તે બીજા માળેથી નીચે પડ્યો. પરિવારની આંખોની સામે જ દિકરો નીચે પડ્યો અને કોઇ કશુ પણ ન કરી શક્યા. પરિવાર દોડીને નીચે ગયો પણ દિકરો ગંભીર રીતે ઘવાયો હતો તેને તાત્કાલીક રતલામ હોસ્પિટલમાં જેમાં બાપ-દિકરો નોકરી કરતા હતા ત્યાં લઇ ગયા. ત્યાં તેને વેંટીલેટર લેવામાં આવ્યા. પિતાએ તેને વધુ સઘન સારવાર માટે વડોદરાની પારુલ હોસ્પિટલમાં ખસેડ્યો ત્યાં તેની ૧૫ દિવસ સારવાર થઇ પણ સફળતા ન મળી અંતે તેને બ્રેઇનડેથ જાહેર કરવામાં આવ્યા. પારુલ હોસ્પિટલના ટ્રાન્સપ્લાન્ટ કો ઓર્ડીનેટર ડોકટર કૃપાએ તેમને અંગદાન માટે સમજાવ્યા. પિતા પોતે મેડિકલ લાઇનમાં હોવાથી અને દર્દીઓના ડાયાલીસીસ કરતા હોવાથી તેમની પીડાઓને તેઓ સારી રીતે જાણતા હતા. તેથી અંગદાનની સંમતિ આપી દીધી. SOTTO -ગુજરાતને જાણ કરવામાં આવી અને તેમના દ્વારા અંગદાન માટે સંકલન હાથ ધરવામાં આવ્યું. તેમના બીજા અંગોની ગુણવતા યોગ્ય ન રહેતા માત્ર હ્રદય કામમાં આવ્યુ. યુ.એન.મહેતા હોસ્પિટલની ટીમે વડોદરા પહોંચી ઓપેરેશન હાથ ધર્યુ અને હ્રદયનો સ્વીકાર કર્યો. દર્દીમાં તારીખ ૧૬ જુન,૨૦૨૪ ના રોજ હ્રદયનું પ્રત્યારોપણ કરવામાં આવ્યું.

27. અમદાવાદના ૪૮ વર્ષીય ગૃહસ્થ મીલમાં નોકરી કરતા અને પોતાની પત્નિ, એક દિકરો અને દીકરી સંતોષથી જીવન ગુજારતા હતા. દિકરો અને દીકરી હજુ ભણતા હતા તેમને ભણાવી-ગણાવીને સારી રીતે તેઓ પોતાના જીવનમાં સ્થાયી થાય તેટલુ જ નાનકડું સ્વપન તેમનુ હતુ. તારીખ ૦૬ જુન ૨૦૨૪ ના રોજ તેઓ નોકરીએ હતા અને તેમને ઉલ્ટી થઇ અને માથું

દુઃખવા લાગ્યુ, શરીરના એક ભાગમાં નબળાઇ અનુભવી તેથી તેમણે રજા મુકી ESIS હોસ્પિટલ, બાપુનગરમાં બતાવવા ગયા ત્યાં ડોકટરોએ તેમને દવા આપી અને ફીઝીયોથેરાપી કરાવવાની સલાહ આપી. પાંચ દિવસે ફરીથી બતાવવા આવજો તેમ જણાવ્યુ અને તેઓ ઘરે ઘરે આવી ગયા પણ ૧૨ જુને તેમને ફરીથી ઉલ્ટીઓ ચાલુ થઇ અને તેઓ બેભાન થઇ ગયા. પરિવાર તેમને ESIS હોસ્પિટલમાં લઇ ગયો ત્યાંથી ડોકટરો એ તેમને મોટી હોસ્પિટલમાં લઇ જવાની સલાહ આપી. પરિવાર તેમને GCS હોસ્પિટલ લઇ ગયો ત્યાં તેમને સીધા ઇન્ટ્યુબેટ કરીને આઇ.સી.યુ.મા વેન્ટીલેટર પર લેવામાં આવ્યા અને સી.ટી.સ્કેન કરાવ્યો. GCS હોસ્પિટલમા તેમના સગા ધૃવીલભાઇ ઇન્ટર્ન ડોકટર તરીકે છે તેમણે પરિવારને મદદ કરી. હોસ્પિટલના ન્યુરોલોજીસ્ટે તેમને બોલાવીને જણાવ્યુ કે તેઓ હવે બ્રેઇનડેથ થઇ જ જશે તમે પરિવારને અંગદાન માટેની સમજ આપો અને તેમણે પરિવારને તેમની તબિયતની ગંભીરતા વાકેફ કર્યા અને અંગદાન માટે સમજાવ્યા. પરિવારમાં તેમના ભત્રીજા ભૌમિક પટેલે તેમના પત્નિ અને બાળકોને સમજાવ્યા અને તેમણે સંમતિ આપી. તેમણે તેમને IKDRC-ITS ખાતે ખસેડ્યા. ત્યાં બે દિવસની સારવાર બાદ તેમને બ્રેઇનડેથ જાહેર કર્યા. IKDRC-ITS ની ટીમે તેમના કિડની અને લીવરનો સ્વીકાર કર્યો અને યુ.એન.મહેતાની ટીમે તેમના હૃદયનો સ્વીકાર કર્યો. આ અંગોના પ્રત્યારોપણો તારીખ ૧૭ જુન, ૨૦૨૪ ના રોજ કરવામાં આવ્યા.

28. ભાભર, બનાસકાંઠાના ૩૫ વર્ષીય યુવકની દુકાન હતી. જે તહેવાર કે સીઝન હોય તે રીતે વસ્તુઓ વેચતો અને પરિવારનું ભરણપોષણ કરતો. પરિવારમાં માતા-પિતા, મોટા ભાઇ-ભાભી, પત્નિ અને એક પાંચ વર્ષના દિકરો હતો, ચાર બહેનો સાસરે સુખી હતી. આ સંયુકત પરિવાર એક બીજાની હુંફે આનંદથી જીવતો હતો ત્યાં તારીખ ૧૪ જુન ૨૦૨૪ ના રોજ તેમની આ આંનદની પળો દુઃખની પળોમાં ફેરવાઇ ગઇ. પરિવારની મોટી દીકરીના સસરાનું મૃત્યુ થતા તેમના બેસણામાં અમદાવાદ પોતાની કારમાં જઇ રહ્યા હતા. કારમાં યુવક, તેના માતા-પિતા, બીજી બહેન પત્નિ અને દિકરો સાથે હતા. ચાલુ ગાડીએ પોતાના દિકરો જે પાછળ બેઠો હતો તેની સામે જોવા ગયા અને સ્ટીયરીંગ ઉપરથી બેલેન્સ ગયુ અને ગાડી રસ્તા ઉપરથી ઉતરીને ખાડામાં પડી ગઇ. તેના માતા-પિતા ઘટનાસ્થળે જ મૃત્યુ પામ્યા, બહેન,દીકરા અને પત્નિની ઇજાઓ થઇ હતી અને તે પણ ગંભીર રીતે ઘવાયો હતો. બહેનના હાથે ફ્રેકચર થયું હતુ તેણે પોતાની હિંમત રાખીને તેની બહેનને ફોન કર્યો કે આ રીતે અકસ્માત થયો છે. તે બહેન અને બનેવી તાત્કાલીક ઘટનાસ્થળે પહોંચ્યા અને તેઓ માતા-પિતા અને ભાઇને વિરમગામની ગાંધી હોસ્પિટલમાં લઇ ગયા જ્યારે ઘાયલ બહેન,પત્નિ અને દીકરાને શિવ ઓર્થોપેડીક હોસ્પિટલમાં ખસેડાયા. પરિવારના બીજા સભ્યો પણ હોસ્પિટલ ખાતે દોડી આવ્યા. માતા-પિતાનું મૃત્યુ જાહેર કરવામાં આવ્યુ અને પરિવારના દીકરાને વેન્ટીલેટર પર લઇ લીધા અને સાથે-સાથે સલાહ આપી કે આને મોટી હોસ્પિટલમાં લઇ જાઓ તેથી પરિવાર તેને CIMS હોસ્પિટલમાં લઇ આવ્યો જ્યાં ક્રેનીયોટોમી કરવામાં આવી પણ પાંચ વર્ષના દીકરાના પિતા, યુવાન પત્નિના પતિના આયુષ્યનો દીવો ઓલવાઇ ગયો. હોસ્પિટલની ટીમ દ્વારા તેને બ્રેઇનડેથ જાહેર કરવામાં આવ્યો. અંગદાન ચેરીટેબલ ટ્રસ્ટના દીલીપ દાદા, હોસ્પિટલની ટીમે તેમને અંગદાન માટે સમજાવ્યા. તેમના સમાજમાં અગાઉ પણ લોકોએ અંગદાન કરેલા તેમની તેમને માહીતી હતી તેથી તેમના પત્નિ, મોટા ભાઇ અને બહેનોએ અંગદાન માટે સંમતિ આપી. SOTTO -ગુજરાતને જાણ કરવામાં આવી અને તેમના દ્વારા અંગદાન માટે સંકલન હાથ ધરવામાં આવ્યું. જેમને અંગોની ફાળવણી કરવામાં આવી હતી તેમણે કિડની, લીવર અને હૃદયનો સ્વીકાર કરવામાં આવ્યો આ અંગોનું દર્દીઓમાં તારીખ ૨૦ જુન,૨૦૨૪ ના રોજ પ્રત્યારોપણ કરવામાં આવ્યા.

29. પીચરવાણ, માંડવી, સુરતના ૫૦ વર્ષીય ખેડુતના પત્નિ પણ ખેતરમાં કામ કરીને પતિને સહકાર આપતી. બાળકોમાં ત્રણ દીકરીઓ હતી તેમના લગ્ન કરીને આ દંપતિ શાંતીથી પોતાનુ જીવન પસાર કરી રહ્યા હતા પણ તારીખ ૧૬ જુન ૨૦૨૪એ આ દંપતિનો એકબીજાથી વિયોગ ઇશ્વરે લખેલો જ હતો. ૧૬મી જુને સાંજે પોતાની બાઇક સર્વિસમાં મુકીને ઘરે પાછા આવતા હતા ત્યારે અજાણ્યા વાહને તેમને ટક્કર મારી અને તેઓ રસ્તા ઉપર પડી ગયા. ક્યાંય સુધી તેઓ આ રીતે પડી રહ્યા તે સંજોગોમાં ત્યાંથી પસાર થઇ રહેલા એક રાહદારીએ તેમને ઉઠડવાનો પ્રયત્ન કર્યો પણ તેમને થયેલ ઇજાઓ ઘણી હતી તેથી તે રાહદારીએ તુંરત ૧૦૮ એમ્બ્યુલન્સ બોલાવી. ૧૦૮ ના ડ્રાયવર તેમને ઓળખી ગયો કે આતો પોલિસસ્ટેશનના કોન્સ્ટેબલનો ઓળખીતો છે તેથી તેણે તરત જ તેમને અકસ્માતની જાણ કરી. તેમણે તેમના પરિવારને જાણ કરી અને પરિવાર પણ દોડી આવ્યો. અને તેમને માંડવી સરકારી હોસ્પિટલમાં લઇ ગયા અને ત્યાંથી બારડોલી સરકારી હોસ્પિટલમાં અને પછી સુરતની સિવિલ હોસ્પિટલમાં લઇ જવામાં આવ્યા. ત્યાં તેમની સઘન સારવાર ચાલુ થઇ પણ મગજને થયેલ ઇજાઓ એટલી ગંભીર હતી કે ડોકટરોને તેમને સફળતા મળી નહી અને તેમને બ્રેઇનડેથ જાહેર કરવામાં આવ્યા. ન્યુરોફીઝીશીયન ડોકટર કેયુર પ્રજાપતી, ન્યુરોસર્જન ડોકટર પરેશ ઝાંઝમેરા એ તેમને બ્રેઇનડેથ જાહેર કર્યા. ડોકટર નિલેશ કાછડીયા અને કાઉન્સેલરોની ટીમે તેમના પરિવારને અંગદાન માટે સમજાવ્યા. પરિવારે અંગદાન કરીને બીજા દર્દીઓને નવજીવન આપવા માટે સંમતિ આપી. પરિવારની સંમતિ મળતાજ SOTTO -ગુજરાતને જાણ કરવામાં આવી અને તેમના દ્વારા અંગદાન માટે સંકલન હાથ ધરવામાં આવ્યું. IKDRC-ITS ની ટીમે સુરત પહોંચી જેમને તેમની કિડનીઓનો સ્વીકાર કર્યો. બંને કિડનીઓના પ્રત્યારોપણ તારીખ ૨૦ જુન,૨૦૨૪ ના રોજ દર્દીઓમાં કરવામાં આવ્યા.

30. ૭૬ વર્ષીય ગૃહસ્થ પહેલા મરચા-મસાલાનો વ્યવસાય કરતા અને બે દીકરાઓ અને પત્નિ ના પરિવાર સાથે રાજકોટમાં રહેતા હતા. હાલમાં દંપતિ નિવૃત જીવન વિતાવતા હતા અને બંને દીકરાઓ ફોરેન કરન્સી એક્સચેંજનું કાર્ય કરતા. તારીખ ૩૦ મે ૨૦૨૪ ના રાત્રે તેમને બ્રેઇન સ્ટ્રોક આવ્યો અને ચહેરાના ડાબા ભાગે લકવાની અસર થઇ. પરિવાર તાત્કાલીક તેમને વોકાર્ટ હોસ્પિટલમાં લઇ ગયા જ્યાં એમ.આર.આઇ. કરાવતા તેમના મગજને લોહી પહોંચાડતી ધમની બ્લોક થઇ છે તેવું નિદાન થયું અને તેમાં સ્ટેન્ટ બેસાડવાની સલાહ આપવામાં આવી પણ તે ૨૦ દિવસ પછી બેસાડી શકાય તેમ હતુ તેથી પરિવારે ૨૦ દિવસ પછી સ્ટેન્ટ બેસાડવાની સંમતિ આપી. તેમના મગજમાં સ્ટેંટ બેસાડતા તેમની ધમની ફાટતા મગજને ઘણું નુકશાન થયુ અને તેમનું બ્રેઇનડેથ થયું. ગૃહસ્થ એ તેઓ સારા હતા ત્યારે જ તેમના પત્નિ અને સાળાને કહી રાખ્યું હતુ કે જો મારું મૃત્યું થાય છે તો હિમંત રાખીને મારા અંગોનું દાન કરી દેજો, ભુલતા નહી તેથી જ્યારે હોસ્પિટલની ટીમે પરિવારને તેમના બ્રેઇનડેથ થયાની જાણ કરી ત્યારે પરિવારે સામેથી જ અંગોના દાન કરવાની ઇચ્છા વ્યક્ત કરી. હોસ્પિટલ દ્વારા SOTTO -ગુજરાતને જાણ કરવામાં આવી અને તેમના દ્વારા અંગદાન માટે સંકલન હાથ ધરવામાં આવ્યું. જે હોસ્પિટલને લીવરની ફાળવણી કરવામાં આવી હતી તેમણે કિડની અને લીવરનો રાજકોટ જઇને સ્વીકાર કર્યો. ૭૬ વર્ષીય કિડની હોવાથી તેમની કિડનીની બાયોપ્સી કરવામાં આવી અને બંને કિડનીઓનું એક જ દર્દીમાં IKDRC-ITS માં પ્રત્યારોપણ કરવામા આવ્યું. આ પ્રત્યારોપણ તારીખ ૨૭ જુન,૨૦૨૪ ના રોજ દર્દીઓમાં કરવામાં આવ્યા.

## દાનની વિગત

| નંબર | દાતાશ્રી નું નામ | રકમ (રૂા) |
|---|---|---|
| ૧ | નલિની વિક્રમ મહેતા | ૬,૦૦,૦૦૦ |
| ૨ | સંભવનાથ ટ્રેન્ડ્ઝ પ્રાઇવેટ લિમિટેડ | ૫,૧૩,૦૦૦ |
| ૩ | નેમનાથ ઇન્ડસ્ટ્રીઝ | ૫,૧૩,૦૦૦ |
| ૪ | પ્રકાશ કોદરદાસ શાહ | ૫,૦૦,૦૦૦ |
| ૫ | ડૉ. વિક્રમ એમ મહેતા | ૪,૦૦,૦૦૦ |
| ૬ | સુરેશ એમ મહેતા | ૧,૫૦,૦૦૦ |
| ૭ | ઈન્દુ સુરેશ મહેતા | ૧,૫૦,૦૦૦ |
| ૮ | રૂપા દવે | ૧,૦૦,૦૦૦ |
| ૯ | રાધેશ્યામ મણીલાલ શાહ | ૧,૦૦,૦૦૦ |
| ૧૦ | હંસા રતિલાલ કાપડિયા એસ્ટેટ | ૧,૦૦,૦૦૦ |
| ૧૧ | ડૉ. ભરત બી તિવારી | ૫૧,૦૦૦ |
| ૧૨ | મણિભાઈ પી મહેતા | ૫૦,૦૦૦ |
| ૧૩ | રૂ. ૫૦૦૦૦૦ /- થી ઓછું દાન | ૩૨,૨૭,૦૦૦ |

### કિડની ઈન્સ્ટીટયુટના ૪૪ સ્થાપના દિનની ઉજવણી

નવરાત્રીનો નવમો દિવસ એટલે કિડની ઈન્સ્ટીટયુટ ની સ્થાપના દિન. આ વર્ષે કિડની ઈન્સ્ટીટયુટ ૪૩ વર્ષ પુરા કરીને ૪૪માં વર્ષમાં પદાર્પણ કરશે. કિડની ઈન્સ્ટીટયુટના સ્થાપના દિનની ઉજવણી નિમિત્તે તારીખ ૧૧ મી ઓકટોબર, ૨૦૨૪ ના રોજ પોસ્ટ કિડની ટ્રાન્સપ્લાન્ટેશન વર્કશોપ કરવા જઈ રહ્યા છીએ.

યુરોલોજી જનરલ સર્જરી તથા ટ્રાન્સપ્લાનટેશન સર્જરી ના વિધાર્થો માટે તેમજ પ્રેક્ટિકલ માટે તારીખ ૧૧ મી ઓક્ટોબર, ૨૦૨૪ ના રોજ કિડની ટ્રાન્સપ્લાનટેશન માં માસ્ટર ક્લાસ યોજવામાં આવશે આ વર્કશોપ અંગે ની વધુ માહિતી આવતા થોડા સમય માં IKDRC-ITS તથા GUTS  ની વેબસાઈટ માં પર થી મળશે.

ગુજરાત યુનિવર્સિટી ઓફ ટ્રાન્સપ્લાન્ટેશન સાયન્સિઝ
(ગુજરાત અધિનિયમ ક્રમાંક: ૦૯/૨૦૧૫ દ્વારા સ્થાપિત)

શ્રીમતી ગુલાબબેન રસિકલાલ દોશી અને શ્રીમતી કમળાબેન મફતલાલ મહેતા
ઈન્સ્ટીટ્યુટ ઓફ કિડની ડિસીસીઝ એન્ડ રીસર્ચ સેન્ટર

ડૉ. એચ. એલ. ત્રિવેદી ઈન્સ્ટીટ્યુટ ઓફ ટ્રાન્સપ્લાન્ટેશન સાયન્સિઝ

કેમ્પસ ૧ : સિવીલ હોસ્પિટલ કેમ્પસ,
અસારવા, અમદાવાદ -૩૮૦૦૧૬
ફોન. નં. ૦૭૯-૪૯૦૧ ૭૦૦૦, ૦૭૯-૨૨૬૮ ૭૦૦૦

કેમ્પસ ૨ : મંજુશ્રી મિલ કમ્પાઉન્ડ,બળિયા લિંબડી ચાર રસ્તા,
અસારવા, અમદાવાદ -૩૮૦૦૧૬
ફોન. નં. ૦૭૯-૨૨૬૮ ૭૫૦૦.
Email:- ikdrcits@ikdrcits.in Website:-www.ikdrc-ts.org